સુવિચાર

કોઈપણ સમાજ આખો ખરાબ હોતો નથી. સમાજમાં અમુક ટકા જ લોકો ખરાબ હોય છે. માટે આખા સમાજને વગોવવો નહી.

:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૬/૧૦/૨૦૨૪, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૦ આસો સુદ-૧૪ વર્ષ : ૧૫ અંક : ૨૫૮



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

પથરી - પ્રોસ્ટેટ - કીડનીની તકલીફ ?
ફ્રી નિદાન કેમ્પ...
ફ્રી ઓપરેશન...
નોંધઃ હોસ્પિટલમાં સોનોગ્રાફી ફ્રિ કરી આપવામાં આવશે.
જરૂરીયાતમંદ દર્દીઓને દવાઓ ફ્રિ આપવામાં આવશે.
ડો.જય માકડીયા
યુરોલોજીસ્ટ
તારીખ : ૧૭-૧૦-૨૦૨૪,ગુરૂવાર
સમય બપોરે ૦૩:૦૦ થી ૦૫:૦૦
કીડની
પ્રોસ્ટેટ
પથરી
Prostate Cancer
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,મો.૯૯૭૮૨ ૨૩૦૦૦


## મિલાવટખોરો, નફાખોરો અને સંગ્રહખોરો સામે કાર્યવાહી કરવામાં તંત્ર ઉદાસીન

# અમરેલી જિલ્લામાં શુધ્ધ ઘી, દૂધ, પનીર મેળવવું મુશ્કેલ

**નામી કંપનીઓ દ્વારા વેચાતા દુધ, ઘી અને પનીરમાં પણ મિલાવટ જોવા મળી રહી છે**

**જો કે દવાઓ સહિતની અનેક જીવન જરૂરી વસ્તુઓમાં પણ ભેળસેળની ફરિયાદ થઈ રહી છે**

**બનાવટી ખાદ્ય સામગ્રી પેટમાં પધરાવાતી હોય નિર્દોષ જનતાનાં આરોગ્યની કોઈને ચિંતા નથી**

**જિલ્લામાં નફાખોરો સામે તોલમાપ વિભાગ કોઈ કાર્યવાહી કરતો નથી**



પ્રતિકાત્મકતસ્વીર

અમરેલી, તા. ૧૫

અમરેલીજિલ્લામાંછેલ્લાર દાયકાથીદિનપ્રતિદિનદૂધ,ઘી,પનીર, મિઠાઈ, ફરસાણ સહિતની ખાદ્ય સામગ્રીમાં ભેળસેળ, નફાખોરી અને સંગ્રહખોરીનુંપ્રમાણવધતાંજનઆરોગ્ય પર ગંભીરખતરો ઉભો થયો છે.

અમરેલી જિલ્લામાં દરેક ઘરમાં શુધ્ધ દૂધ, ઘી, માખણ, પનીર, દૂધનો માવો મેળવવામાં વિચાર કરવો પડી રહ્યો છે. નામી કંપનીઓ ધ્વારા વેચાતા દૂધઘ ઘી, માખણ કે પનીરની નિષ્પક્ષતપાસ કરવામાં આવે તો તે પણ અખાદ્ય સાબિત થઈ શકે તેમ છે.

અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજયમાં પણ શુધ્ધ ખાદ્ય સામગ્ર મેળવવી મુશ્કેલ બની છે. જિલ્લાની જનતાની કઠણાઈ તો જુઓ કેરીની મૌસમ હોય કે શીંગતેલ ભરવાની કે પછી અનાજ લેવાની મોસમ હોય ઘરે-ઘરે એક જ ચિંતા હોય છે કે કેરી ઓર્ગેનિક કયાં મળશે, શીંગતેલ અસલી મળશે કે મિલાવટવાળુ મળશે, મિઠાઈની ખરીદી

**અનુસંધાન પાના ૬ ઉપર**

## મોબાઈલને લઈને પણ ઘરકંકાસ વધી રહ્યો છે

# અમરેલીનાં પુષ્કરધામ-ર માં રહેતી મહિલાએ પતિ સાથે મનદુઃખ થતાં ગળાફાંસો ખાઈ લીધો

**પંખા સાથે સાડી બાંધીને અંતિમવાટ પકડી**

અમરેલી, તા. ૧૫

અમરેલીનાં લાઠી રોડ ઉપર પુષ્કરધામ-ર એસ.ટી. ડિવિઝન સામે રહેતા ગાયત્રીબા નિકુલસિંહ જાડેજા નામના ૨૫ વર્ષિય પરિણીતા ગત તા. ૧૩નાં મોડી રાત સુધી ફોનમાં સ્ટેટસ જોતા હોય અને તેઓને બે વર્ષની દિકરી હોય તેને સુવડાવી દઈને સુઈ જવાનું તેણીના પતિએ કહેતા તેણીને સારૂ નહી લાગતા તેમા પતિ અને પત્ની વચ્ચે સામાન્ય બોલાચાલી થતાં જે વતાથી તેણી રીસાઈ જઈ ગત તા. ૧૪નાં રોજ સાડા અગિયારેક વાગ્યે પોતે પોતાની મેળે ઘરમાં કોઈ હાજર ન હોય ત્યારે સાડી પંખા સાથે બાંધી ગળાફાંસો ખાઈ મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## પદ્મશ્રી સવજીભાઈ ધોળકીયાનો સંકલ્પ સાકાર થયો

# લાઠીના દુધાળા ખાતે આગામી ૨૮ ઓકટોબરનાં પ્રધાનમંત્રી મોદી દ્વારા ભારત માતા સરોવરનું લોકાર્પણ

**પ્રધાનમંત્રીનાં આગમનને લઈને અધિકારીઓમાં દોડધામ શરૂ**

લીલીયા, તા.૧૫

દુધાળા ગામના વતની અને હિરા ઉદ્યોગકાર પદમશ્રી ડો. સવજીભાઈ ધોળકીયા એ ગાગડીયો નદી પર નમુનેદાર નળસંચયની કામગીરી કરી સરોવરોની હારમાળા સર્જી છે. તે પૈકીના ભારતમાતા સરોવરનું વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે લાઠીના દુધાળા ખાતે તા. ૨૮ ઓકટોમ્બર ના રોજ લોકાર્પણ થશે.



દુધાળા હેતની હવેલી ખાતે કાર્યક્રમનું આોજન થનાર હોય લાઠીના દુધાળા ખાતે જિલ્લા કલેકટર અશોક દર્હીયા ડી.ડી.ઓ. પરિમલ પંડયા, જિલ્લા પોલીસ વડા હિમકરસિંહ સહીત વિવિધ વિભાગના આગમનને લઈ વિઝીટનો દોર શરૂ થયો છે લાંબા સમય બાદ અમરેલી જિલ્લમાં વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી આવી રહયા હોવાથી લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહયો છે.

વડા પ્રધાન મોદીના આગમન લઈ હેલીપેડ, વાહન પાર્કીંગ,

**અનુસંધાન પાના ૬ ઉપર**


Sheetal
We are HIRING!
MICROBIOLOGIST / CHEMIST
(BSC/MSC) (MALE | FEMALE)
DAIRY TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
FOOD TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
EXPORT EXECUTIVE
(GRADUATE) (MALE | FEMALE)
Ready to take your future career to new heights?
PLEASE SEND YOUR CV
APPLY NOW
+91 98750 88560
sheetalhr530@gmail.com
SHEETAL COOL PRODUCTS LIMITED
PLOT NO.75 TO 81, G.I.D.C. ESTATE, AMRELI - 365601.






સુવર્ણથી Sopan
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
SINCE 1989
આપસૌ ગ્રાહકોના સ્નેહભર્યા સંબધોના સથવારે
અમારા નિલકંઠ જવેલર્સરૂપી સરીતાના સુખરૂપ ૩૫ વર્ષ પૂર્ણ કરી આજના શરદપૂર્ણિમાનાં દિવસે ૩૬ માં વર્ષમાં મંગલપ્રવેશ પ્રસંગ નિમિતે, આપ સૌ ગ્રાહકમિત્રો,સ્નેહીઓ,વેપારીમિત્રો તેમજ અમારા શુભચિંતકો નો આ અવસરે અમો હદયપૂર્વક આભાર વ્યકત કરીએ છીએ. તેમજ અમારી આ સરીતાને આપ સૌનો સાથ-સહકાર અવિરત મળતો રહેશે તેવી આશાઓ સહ વંદન





આ અવસરે
રૂા. 10,000
કે તેથી વધુ દાગીનાની ખરીદી કરો અને મેળવો લાખોના ઈનામો
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
હોટલ એન્જલ નીચે, માણેકપરા, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૩૫૫૭


Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ४૬૯૦૨

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
67,900/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૫/૧૦/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

### મા ભગવતી સામુન્દ્રી માતાજીના સાંનિધ્યમાં

# બાબરા ખાતે મુન્નાભાઇ મલકાણ દ્વારા રાસગરબાનું અયોજન કરવામા આવ્યું

### તમામ બાળાઓને લ્હાણી વિતરણ કરાયુ



બાબરા, તા. ૧૫

બાબરા મુકામે મા ભગવતી સામુદ્રી માતાના મંદિરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ નવરાત્રીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. આ આયોજનમાં નાના મોટા સૌ ભક્તજનોએ માતાની આરાધના સાથે મળીને કરી હતી. તમામ બાળકો અને બહેનોએ રાસ રમીને માં ભગવતીની હોંશે હોંશે આરાધના કરી હતી.

આ આયોજનના મુખ્ય આયોજક બાબરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના અધ્યક્ષ અને અમરેલી જિલ્લા સમસ્ત વણિક સમાજના અધ્યક્ષ મુન્નાભાઈ મલકાણ હતા.

માં ભગવતીના સાનિધ્યમાં રાસ રમતી બાળાઓને નવે નવ દિવસ અલગ અલગ નાસ્તો આપવામાં આવતો હતો અને નવેનવ દિવસ બાળાઓને લ્હાણીનું વિતરણ કરવામાં આવેલ હતું.

નવરાત્રીના છેલ્લા દિવસે માં ભગવતીના સાનિધ્યમાં આવતી તમામ બાળાઓ તેમજ બહેનો અને નાના બાળકોને પણ લહાણીનું વિતરણ કરેલ હતું જેમાં સાડી, ડ્રેસ, ચકલીઘર, કુંડા સાથે રોપા, અભ્યાસ માટેની ઊપયોગી ચીજ વસ્તુઓ જેવી કે લંચબોકસ, પાણીની બોટલ, કંપાસ બોકસ, કલર, પેન્સિલ સેટ, કોફીકપ, પુસ્તકો, નોટબુક, પેડ, બોલપેનસેટ જેવી અનેક ચીજ વસ્તુઓનું બાળાઓને, માતાઓને અને નાના છોકરાઓને વિતરણ કરવામાં આવેલ હતું.

મુન્નાભાઈ મલકાણ દ્વારા નવરાત્રીના નવેનવ દિવસ માતાજીની આરાધના કરવા પ્રાચીન રાસ ગરબાનું ભવ્ય આયોજન કરવામાં આવેલ જેમાં આબાલ વૃદ્ધ સર્વેએ હોશભેર ભાગ લીધો હતો.

# બગસરાના બાલાપુર ખાતે પ્રાકૃતિક કૃષિ શિબિરનું આયોજન



અમરેલી, તા.૧૫

રાજયને આગામી ૦૫ વર્ષમાં ૧૦૦ ટકા પ્રાકૃતિક ખેતી તરફ લઈ જવા માટે રાજયપાલ આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃતવમાં મિશન મોડમાં પ્રયાસો થઈ રહ્યા છે. પ્રાકૃતિક ખેતી દ્વારા બાગાયત સહિતની અનેક મૂલ્યવર્ધક ખેતી થઈ શકે છે. અમરેલી જિલ્લાના ખેડૂતો પરંપરાગત ખેત પદ્ધતિથી પ્રાકૃતિક કૃષિ તરફ વળ્યા છે.

ગુજરાતની વિકાસ યાત્રાને અવિરત શરૂ રાખી નાગરિક પ્રથમના અભિગમ સાથે લોકાભિમુખ અને સક્રિય શાસનના પગલાના ભાગરૂપે સમગ્ર ગુજરાતમાં વિકાસ સપ્તાહ ૨૦૨૪ની ભવ્ય ઉજવણી હાથ ધરવામાં આવી છે. 'વિકાસ સપ્તાહ'ની ઉજવણીના ભાગરૂપે સમગ્ર અમરેલી જિલ્લામાં વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. 'વિકાસ સપ્તાહ' અંતર્ગત 'પ્રાકૃતિક કૃષિ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.

બગસરા તાલુકાના બાલાપુર મુકામે યોજાયેલ પ્રાકૃતિક કૃષિ શિબિરમાં, ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ વિષયક માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ. ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિના ફાયદા, ઉત્પાદનમાં ઉત્તરોત્તર વધારો, લાભદાયક ખેત પદ્ધતિ, જમીનની ગુણવત્તામાં સુધારો અને ફળદ્રુપતામાં વધારો, વિવિધ પાક પદ્ધતિ, ઘન જીવામૃતનું મહત્વ વગેરે વિષયક વિસ્તૃત જાણકારીથી ખેડૂતો વાકેફ થયા હતા. પ્રાકૃતિક કૃષિ વિષયક વિગતો અને માર્ગદર્શન માટે પ્રાકૃતિક કૃષિ ફિલ્ડ પરના કર્મયોગીઓએ જહેમત ઉઠાવી હતી. પ્રાકૃતિક કૃષિ વિષયક માર્ગદર્શન શિબિરનો લાભ ખેડૂતોએ લીધો હતો. ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ પદ્ધતિએ આધુનિક સમયની જરૂરિયાત છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ર૩ વર્ષ પહેલા તા. ૭ ઓકટોબર, ૨૦૦૧ના દિને ગુજરાત રાજયના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે ધૂરા સંભાળી હતી. મુખ્યમંત્રીથી વડાપ્રધાન પદ સુધીની તેમની સફરમાં ગુજરાતનો વિકાસ કેન્દ્ર સ્થાને રહ્યો છે. રાજયની ર૩ વર્ષની 'વણથંભી વિકાસયાત્રા' વિશે જનજન સુધી જાગૃત્તિ પ્રસરાવવાના હેતુથી રાજય સરકાર દ્વારા ઓકટોબર–૨૦૨૪ તા.૦૭ થી તા.૧૫ સુધી સમગ્ર રાજયવ્યાપી 'વિકાસ સપ્તાહ' ની ઉજવણી કરવામાં આવી રહી છે.

### ૨૦૦૫ પહેલાનાં શિક્ષકોને જુની પેન્શન યોજના મળતા

# ધારી તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા ધારાસભ્ય અને આગેવાનોનો ઋણ સ્વીકાર

### બહોળી સંખ્યામાં શિક્ષકો ઉપસ્થિત રહ્યા



ધારી, તા. ૧૫

ધારી તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા શિક્ષકોની વર્ષો જુની પડતર માંગણી જૂની પેંશન યોજના માટે અનેકવિધ કાર્યક્રમો જેવા ધરણા, કાળી પટ્ટી ધારણા કરવી, આવેદનપત્ર આપવા જેવા રાજયસંઘના આદેશથી તાલુકા લેવલે અનેકવિધ સફળતાપૂર્વક કાર્યક્રમો કરવામાં આવેલ તે કાર્યક્રમોમાં તાલુકા લેવલના ધારાસભ્ય તથા પદાધિકારીઓ દ્વારા સતત હકારાત્મક અભિગમ કર્મચારી પ્રત્યે રાખેલ જે અનુસંધાને કર્મચારીઓની માંગણીઓ સ્વીકારાતા ધારાસભ્ય જે.વી.કાકડીયા, આરોગ્ય સમિતિના ચેરમેન અશ્વિનભાઈ કુંજડીયા, જીલ્લા પંચાયતના સદસ્ય ભુપતભાઈ વાળા તથા ખોડાભાઈ ભુવા, તાલુકા પંચાયતના પ્રમુખ ઘનશ્યામભાઈ હિરપરા, તાલુકા ભાજપ પ્રમુખ જીતુભાઈ જોષી, પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, તાલુકા ભાજપ મૃગેશભાઈ કોટડીયા માર્કેટયાડનાં ઉપપ્રમુખ હર્ષદભાઈ રાવલનું સ્વાગત સન્માન આભાર માની ઋણ સ્વીકાર કરવામાં આવેલ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના આ કાર્યક્રમમાં સંઘના પ્રમુખ પ્રતાપભાઈ બસીયા, મહામંત્રી પ્રવિણભાઈ કસવાલાએ જહેમત ઉઠાવેલ આ કાર્યક્રમમાં શિક્ષક પરિવારમાંથી રસિકભાઈ મકવાણા, મમદભાઈ રાઠોડ, મનસુખભાઈ વસ્તાણી, મોહિતભાઈ લલિયા, બીછુભાઈ વાળા, લલીતભાઈ દેસાઈ, ટી.પી.ઈ.ઓ. અતુલભાઈ કાથરોટીયા, પરેશભાઈ પરમાર તથા બહોળી સંખ્યામાં શિક્ષક ભાઈ–બહેનો હાજર રહેલ ધારાસભ્યએ ૨૦૦૫ પછીના કર્મચારીઓ માટે પણ જયાં જરૂર પડે ત્યાં સહકાર આપવાની અને પોતાના સન્માન બદલ સંઘનો આભાર માનેલ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઉમેશભાઈ ચાવડાએ કરેલ.

### સીનીયર એડવોકેટ ઉદન ત્રિવેદીની દલીલો સફળ રહી

# અમરેલીની કે.કે. પારેખ કોમર્સ કોલેજમાં પરિક્ષામાં ગેરરિતી આચરનાર કોલેજ પ્રિન્સીપાલ તથા સ્ટાફનો નિર્દોષ છુટકારો

### વિદ્યાર્થીઓનો કેરીયરનો સવાલ હોય સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના પરીક્ષા નિયામક દ્વારા આ કામના આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવામાં આવી હતી

અમરેલી, તા. ૧૫

અમરેલીની કે.કે. પારેખ કોમર્સ કોલેજના પ્રિન્સીપાલ હરીશભાઈ મોહનભાઈ શાહ તથા સી.સી.ટી.વી.નું સંચાલન કરનાર રાજેન્દ્રભાઈ ઉર્ફે રાજુભાઈ બાબુલાલ રામાણી તથા ઈન્દ્રકુમાર જગદીશચંદ્ર શાહ તથા સાગરભાઈ ભીખુભાઈ ભાલીયા તથા યુસુફભાઈ બાબુભાઈ શેખ વિરૂધ્ધ સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના પરિક્ષા નિયામક અમીતભાઈ શરદચંદ્ર પારેખે સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના કુલપતિ ડો. પ્રતાપસિંહ ની સુચના અનુસાર સૌરાષ્ટ્ર યુનિવર્સીટી રાજકોટ ધ્વારા તા.ર૯– ૦૩– ૨૦૧૬ થી તા.૦ર–૦૪–૨૦૧૬ સુધીના અરસામાં બી.કોમ.ની સેમ–૬ ની પરિક્ષા લેવાતી હતી તે દરમિયાન કે.કે. પારેખ કોમર્સ કોલેજના સી.સી.ટી.વી. કેમેરાના વિડીયો ફુટેજ રાખવાની સૌરાષ્ટ્ર યુનિ.ના નિયામકની સુચના હતી. તે પરિક્ષા દરમિયાનનો તા.૦ર–૦૪–૨૦૧૬ ના રોજ સાંજના ૭–૩૦ વાગ્યા પછી સામાચાર ચેનલ એ.બી.પી. ન્યુઝ, ગુજરાત અસ્મીતા ચેનલમાં કે.કે. પારેખ કોમર્સ કોલેજમાં બી.કોમ. સેમ–૬ ની પરિક્ષા દરમિયાન ચોરી કરતા બે વર્ગ ખંડનો વિડીયો વાયરલ થતા સદરહું કે.કે. પારેખ કોમર્સ કોલેજના સી.સી.ટી.વી. ફુટેજ તુતર્જ મોકલી આપવા સૌરાષ્ટ્ર યુનિ.ના કુલપતિ ડો. પ્રતાપસિંહ સાહેબે આ કામના આરોપીને જાણ કરવા છતા આ



કોલેજના સી.સી.ટી.વી. ફુટેજનું સંચાલન કરનાર તેમજ તેમના સ્ટાફે મિલાપીપણામાં સી.સી.ટી.વી. ફુટેજમાં ડી.વી.આર.માં તા. ૩/૪/૨૦૧૬ ના રોજ રાત્રીના ૦૦–૧૬ મીનીટે લોગીન થઈ વિડીયો પ્લે બેક કરી હાર્ડડીસ્કને ફોર્મટ કરી પુરાવાનો નાશ કરી સી.સી.ટી.વી. ફુટેજ સાથે ચેડા કરી આરોપીએ આ ગુન્હો કરવામાં એકબીજાને મદદગારી કરેલ હોય તે મુજબની ફરીયાદ જે તે સમયના સૌરાષ્ટ્ર યુનિ.ના પરિક્ષા નિયામક અમીતભાઈ શરદચંદ્ર પારેખે પોલીસમાં નોંધાવેલી હતી. ત્યારબાદ આ કામના આરોપી વિરૂધ્ધ પોલીસે વિદ્યાર્થીઓની કેરીયર નો સવાલ હોય આ કામે સઘન તપાસ કર્યા બાદ ચાર્જશીટ કરેલ હતું.

ત્યારબાદ આ કામે નામદાર કોર્ટમાં સરકાર પક્ષ તરફે તથા આ કામના ફરીયાદી સૌરાષ્ટ્ર યુનિવર્સીટી તરફે કુલ ૨૧ સાહેદો તપાસવામાં આવેલા હતા. જેમાં પરિક્ષા નિયામક, નાયક કુલ સચિવ, સીન્ડીકેટ સભ્ય તથા કોલેજના પ્રોફેસરોનો સમાવેશ થતો હતો, તથા આ કામે અન્ય ટેકનીકલ સાહેદો કે જેઓ કોમ્પ્યુટર સીસ્ટમના જાણકાર હતા તેમને તથા તપાસ કરનાર અધિકારીને તપાસવામાં આવેલા હતા. તેમજ આ સાહેદોની જુબાની દરમિયાન સી.સી.ટી.વી. ફુટેજ તથા ડી.વી.આર. તથા હાર્ડડીસ્ક કબ્જે કરેલ તેના સાહેદોને તપાસવામાં આવેલ તથા હાર્ડડીસ્ક તથા સી.સી.ટી.વી. ફુટેજ બાબતે ચેડા થયા અંગેના આધારરૂપે એફ.એસ.એલ. રીપોર્ટ પણ ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ હતો.

આ કામે ઉપરોકત કેસ અમરેલીના ચીફ જયુડી. મેજી.શ્રી એન.જે. નાયીની કોર્ટમાં ચલાવવામાં આવેલ અને ફરીયાદ પક્ષ તરફ થી પોતાનો કેસ સાબીત કરવા માટે લેખીત તથા મૌખીક એમ ઘણા પુરાવા ઓ રજુ કરવામાં આવેલ અને તેમ છતા આ કામ ના ફરીયાદી પોતા નો કેસ સાબીત કરવામાં નિષ્ફળ જતા આ કામ ના આરોપી ઈન્દ્રકુમાર જગદીશચંદ્ર શાહ, રાજેન્દ્રભાઈ ઉર્ફે રાજુભાઈ બાબુલાલ રામાણી, હરીશભાઈ મોહનભાઈ શાહ, સાગરભાઈ ભીખુભાઈ ભાલીયા તથા યુસુફભાઈ બાબુભાઈ શેખ ને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરેલ છે. આ કેસમાં આરોપી તર્ફ અમરેલીના સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદી રોકાયેલ હતા.

# લીલીયામોટા ખાતે તાલુકા કક્ષાનો ગણિત વિજ્ઞાન મેળો યોજાયો



લીલીયા મોટા, તા. ૧૫

લીલીયા મોટાની પે.સેન્ટર કન્યાશાળા ખાતે તાલુકા ગણિત વિજ્ઞાન મેળાનું ઉત્સાહપૂર્વક આયોજન કરવામાં આવેલ લીલીયા મોટાના સરપંચ જીવનભાઈ વોરાના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજવામાં આવેલ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટય કરી કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવેલ લીલીયા તાલુકાના વિવિધ શાળામાંથી પસંદ કરેલ ૨૦ કૃતિ તાલુકા કક્ષાએ પ્રોજેકટ પ્રદર્શિત થયેલ તાલુકા ગણિત વિજ્ઞાન પ્રદર્શન બાળાઓના હસ્તે રીબીન કાપી ખુલ્લો મુકવામાં આવેલ આ તકે જિલ્લા શિક્ષણ તાલુકા ભવનના સિનિયર લેકચર ભરતભાઈ ડેરની વિશેષ ઉપસ્થિતિ રહેલ સાથે સાથે લીલીયા પ્રાથમિક શિક્ષણ સંઘ અને તાલુકા શૈક્ષણિક સંઘના હોદેદારો તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી કે.ની તથા ગણિત વિજ્ઞાનના શિક્ષણ કાર્યકર્તા શિક્ષકો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેલ અતુલભાઈ.આર.દવે બવાડી તેમની શિક્ષક ફરજ પરથી નિવૃત્તિ સમયે પ્રદર્શનમાં ભાગ લેતા તમામ વિદ્યાર્થીઓને શિલ્ડ અને શૈક્ષણિક કીટ અર્પણ કરી તેમની ઉમદા ભાવના બાળકો અને શિક્ષણ પ્રત્યે વ્યક્ત કરેલ હતી ઉપસ્થિત મહાનુભાવો ના હસ્તે દાતા તરફથી મળેલ કીટનું વિતરણ કરવામાં આવેલ આ કાર્યક્રમને સફળ બનાવવા લીલીયા બી.આર.સી અભિષેકભાઈ ઠાકરની રાહબરી બી.આર.સી તમામ કો–ઓર્ડીનેટર તેમજ સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવેલ આ તકે વિષય નિષ્ણાંત શિક્ષકો જેમાં ગોયાણી, દવે તથા અગવાનએ તમામ કૃતિનું મૂલ્યાંકન કરી શ્રેષ્ઠ કૃતિ ની પરખ કરેલ આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સી.આર.સી કો ઓર્ડીનેટર પી.એમ.રાખસીયાએ કરેલ તેમ ઈમરાન પઠાણની અખબાર યાદીમાં જણાવેલ છે.

### બાબરાનાં ઈસાપુર ગામે થયેલા

# ઘરફોડ ચોરીનાં ગુન્હામાં ર વર્ષથી નાસતા–ફરતા આરોપીની અટકાયત

### પેરોલ ફર્લો સ્કવોર્ડ દ્વારા ગંધારા ખાતેથી ઝડપી લેવાયો

અમરેલી, તા. ૧૫


બાબરા તાલુકાના ઈસાપુર ગામે આશરે બે વર્ષ પહેલા મુળ મધ્યપ્રદેશના વતની મુકામસિંહ ઉર્ફે મુકેશ રતનીયા ગણાવા નામનાં આરોપીએ બીજા આરોપીઓ સાથે મળીને ઈસાપુર ગામે રાત્રીના બંધ મકાનમાંથી સોના–ચાંદીના દાગીના તથા રોકડ રકમ મળી કુલ રૂપિયા ૧૩,૭૫,૦૦૦ની ઘરરફોડ ચોરી કરેલ. જે અંગે બાબરા પોલીસ સ્ટેશનમાં આઈપીસી ૩૮૦, ૪૫૭, ૧૧૪ વિ. મુજબનો ગુન્હો દાખલ થયેલ અને જે તે વખતે બે આરોપીઓ પકડાયેલ અને આ આરોપી પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા બે વર્ષથી નાસતો ફરતો હતો.



પેરોલ ફર્લો સ્કવોર્ડની હ્યુમન સોર્સ તથા ટેકનીકલ સોર્સ આધારે આ ગુન્હામાં છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા આરોપીને તા. ૧૫ ના રોજ વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના ગંધારા ગામેથી ઝડપી લઈ આરોપીની તપાસ પુછપરછ કરી આગળની ઘટતી કાર્યવાહી બાબરા પોલીસને સોંપવા તજવીજ હાથ ધરેલ છે.

### વિધવા અને વૃદ્ધ સહાયના ૨૫ જેટલા લાભાર્થીઓને સહાય વિતરણ

# રાજુલા, ભાડેર, જાફરાબાદ સહિતના વિસ્તારોમાં સેવા સેતુ કાર્યક્રમ યોજાયા



અમરેલી, તા.૧૫

અમરેલી જિલ્લાના વિવિધ વિસ્તારોમાં સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. રાજુલા ખાતે યોજાયેલા સેવા સેતુ કાર્યક્રમમાં રાજુલા–જાફરાબાદ પ્રાંત અધિકારી અને મહાનુભાવોના હસ્તે વિધવા સહાય અને વૃદ્ધ સહાયના ૨૫ જેટલા લાભાર્થીઓને સહાય વિતરણ કરવામાં આવ્યું હતું. અમરેલી જિલ્લાના જાફરાબાદ શહેરી વિસ્તારમાં જાફરાબાદ શહેર સેવા સેતુ કાર્યક્રમ ખાંભા તાલુકાના રબારિકા અને ધારી તાલુકાના ભાડેર ગામે સેવા સેતુ કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ગ્રામજનો શહેરીજનો સહિતના નાગરિકોએ રાજય સરકારની વિવિધ યોજનાકીય સહાયના લાભ મેળવ્યા હતા.

# સરભંડાની જનતા વિદ્યાલયમાં બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન યોજાયુ









ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ–ગાંધીનગર દ્વારા પ્રેરિત, જિલ્લા શિક્ષણ તાલીમ ભવન, અમરેલી તથા જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, અમરેલી દ્વારા માર્ગદર્શિત વલ્લભી શાળા વિકાસ સંકુલ કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન કે.કે. શાહ જનતા વિદ્યાલય, સરંભડાના યજમાન પદે ગરિમામય વાતાવરણમાં સંપન્ન થયું હતું. જિલ્લા શિક્ષણ તાલીમ ભવન, અમરેલીના પ્રાચાર્ય ડો. એન.આર. ચાંપાનેરીની ઉપસ્થિતિમાં યોજાયેલ આ બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં સર્વોદય સરસ્વતી મંદિર બાબાપુરના ટ્રસ્ટી નિતિનભાઈ બોરાણીયા, ડો. જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટ, અમરેલીના મેનેજીંગ ટ્રસ્ટી મોટાભાઈ સંવટ, સૌરાષ્ટ્ર શાળા ફી નિર્ધારણ સમિતિના સદસ્ય અને શિક્ષણવિદ મુકુંદભાઈ મહેતા, જિલ્લા માધ્યમિક સંઘના પ્રમુખ પરેશભાઈ રાઠોડ, નવયુગ કેળવણી મંડળના ઉપપ્રમુખ દલસુખભાઈ દુધાત, સરપંચ પ્રતિનિધિ વિનુભાઈ દુધાત, ઉપસરપંચ મધુભાઈ હરખાણી, રાજુભાઈ કાછડીયા, પૂર્વ આચાર્ય કાલીપ્રસાદ જોષી, ગામના આગેવાનો સર્વ કાળુભાઈ દોંગા, મધુભાઈ દુધાત, કડવાભાઈ હરખાણી, વિનુભાઈ દોંગા, ધીરૂભાઈ ગઢીયા સહિત વિવિધ માધ્યમિક શાળાઓના આચાર્યઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહીને બાળ વૈજ્ઞાનિકોએ પ્રસ્તુત કરેલી કૃતિઓ નિહાળીને પ્રોત્સાહિત કર્યા હતા. આ તકે મંચસ્થ મહાનુભાવો, બાળ વૈજ્ઞાનિકોના હસ્તે દિપ પ્રાગટય કરીને વિજ્ઞાન મેળો ખુલ્લો મુકવામાં આવ્યો હતો. પ્રાચાર્ય ચાંપાનેરી, મોટાભાઈ સંવટ, મુકુંદભાઈ મહેતા, દિગંતભાઈ ઉપાધ્યાય દ્વારા પ્રાસંગિક પ્રવચન કરીને વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કરાયા હતા. આ તકે અમરેલીના યુવા ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા આકસ્મિક રીતે વિજ્ઞાન મેળાની મુલાકાતે આવ્યા હતા. વિજ્ઞાન મેળાની કૃતિઓ જોઈને તેઓએ વિદ્યાર્થીઓને અભિનંદન આપીને પ્રોત્સાહિત કર્યા હતા. આ વિજ્ઞાન મેળામાં ૧૫૦ ઉપરાંત કૃતિઓ વિદ્યાર્થીઓ દ્વારા રજુ કરાઈ હતી. આ તકે દરેક શાળાને મોમેન્ટો અને ભાગ સોનાર દરેક વિદ્યાર્થી તથા શિક્ષકોને બહુમૂલ્ય પ્રમાણપત્ર, ફોલ્ડર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સરંભડા કે.કે. શાહ જનતા વિદ્યાલયના આચાર્ય દિગંતભાઈ ઉપાધ્યાયના માર્ગદર્શનમાં યોજાયેલ કાર્યક્રમનું સંચાલન તાતણીયા હાઈસ્કૂલના આચાર્ય કનાળા દ્વારા કરવામાં આવ્યું હતુ. શાળા પરિવારના સર્વ આશિષભાઈ ભટ્ટ, રમુભાઈ મોલડીયા, કમલેશભાઈ ભટ્ટ, જયંતિભાઈ સોલંકી, રણજીતભાઈ રાઠવા, અનિરૂદ્ધભાઈ કોટડીયા, ઋચિતાબહેન સાવલિયા, મહેન્દ્રભાઈ પરમાર તથા ગોવિંદભાઈ રાઠોડ તેમજ વિદ્યાર્થીઓ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવવામાં આવી હતી.

## સેન્ટર પોઈન્ટ ખાતે વિવિધ યોજનાઓ દર્શાવતા સ્ટોલ્સ ઉભા કરાયા


# અમરેલીમાં વિકાસ સપ્તાહ અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા

**જિલ્લા પંચાયત રોડ ઉપર વિદ્યાર્થીનીઓએ વિવિધ વિષય આધારિત વોલ પેઈન્ટિંગ કર્યા**

**ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓએ વિવિધ સ્ટોલની મુલાકાત લીધી**

**નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રીનાં શપથ લીધાનાં ૨૩ વર્ષ અંતર્ગત ઠેકઠેકાણે ઉજવણી**

**વિવિધ ૨૩ યોજનાઓ અંગે જનતા જનાર્દનને માહિતગાર કરાયા**







અમરેલી, તા. ૧૫

ગુજરાતની વિકાસ યાત્રાને અવિરત શરૂ રાખી નાગરિક પ્રથમના અભિગમ સાથે લોકાભિમુખ અને સક્રિય શાસનના પગલાના ભાગરૂપે સમગ્ર ગુજરાતમાં વિકાસ સપ્તાહ-૨૦૨૪ની ભવ્ય ઉજવણી હાથ ધરવામાં આવી છે.

'વિકાસ સપ્તાહ'ની ઉજવણીના ભાગરૂપે અમરેલી શહેરના મુખ્ય માર્ગ જિલ્લા પંચાયત રોડ પર પર મોંઘીબા હાઈસ્કૂલની એન.એસ.એસ.ની વિદ્યાર્થીનીઓએ વિવિધ વિષય આધારિત વોલ પેઈન્ટિંગ કર્યુ હતુ. ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકારના શાળા પ્રવેશોત્સવ, ધારી-આંબરડી સફારી પાર્ક, સ્વાગત ફરિયાદ નિવારણ, સૌની યોજના અને મેક ઈન ઈન્ડિયા જેવા વિવિધ વિષયો આધારિત વોલ પેઈન્ટિંગમાં વિદ્યાર્થીનીઓએ રંગપૂરણી કરી હતી.

અમરેલી સ્થિત સેન્ટર પોઈન્ટ ખાતે કેન્દ્ર સરકારની મેક ઈન ઈન્ડિયા, પ્રધાનમંત્રી જનધન યોજના, પ્રધાનમંત્રી સૌભાગ્ય યોજના, આયુષ્માન ભારત મિશન, પ્રધાનમંત્રી મુદ્રા યોજના સહિતની ૨૩ યોજનાઓ, ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ, આઈ.સી.ડી.એસ. ઘટક અમરેલી, બાગાયત વિભાગ ગુજરાત સરકારની વિવિધ યોજનાકીય વિગતો અને માર્ગદર્શન માટેના વિવિધ સ્ટોલ્સ ગોઠવવામાં આવ્યા હતા.

અમરેલી જિલ્લા નિવાસી અધિક કલેકટર દિલીપસિંહ ગોહિલે વિવિધ સ્ટોલની મુલાકાત લીધી હતી. ઉલ્લેખનીય છે કે, વિવિધ સ્ટોલ પ્રદર્શન થકી કેન્દ્ર સરકાર અને રાજય સરકારની મહત્વની લોક કલ્યાણકારી વિવિધ યોજનાઓની વિગતો નાગરિકો સુધી પહોંચાડવાનો ઉદ્દેશ છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૩ વર્ષ પહેલા તા. ૭ ઓકટોબર, ૨૦૦૧ના દિને ગુજરાત રાજયના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે ધૂરા સંભાળી હતી. મુખ્યમંત્રીથી વડાપ્રધાન પદ સુધીની તેમની સફરમાં ગુજરાતનો વિકાસ કેન્દ્ર સ્થાને રહ્યો છે.

રાજયની ૨૩ વર્ષની ' વણથંભી વિકાસયાત્રા' વિશે જનજન સુધી જાગૃત્તિ પ્રસરાવવાના હેતુથી રાજય સરકાર દ્વારા ઓકટોબર-૨૦૨૪ તા. ૭ થી તા. ૧૫ સુધી સમગ્ર રાજયવ્યાપી 'વિકાસ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી રહી છે.

## સાવરકુંડલા ખાતે રચાયું આકાશી મેઘધનુષ

સાવરકુંડલા, તા. ૧૫



સાવરકુંડલા ખાતે આવેલ શિક્ષણ સંસ્કાર અને ચારિત્ર્ય નિર્માણના ધામ સમા સ્વામિનારાયણ ગુઢકુળ ખાતે આજરોજ આજ શાળાના વિજ્ઞાન શિક્ષક પિયુષભાઈ દવેના કેમેરામાં ઝડપાયેલા મેઘધનુષની તસવીર મેઘધનુષ કે રંગો કા મનમોહક નજારા.. જાણે આસમાનમાં સપ્તરંગી રંગપૂરણી..આ તસવીર થોડા ક્ષણ પૂરતી જ હોય છે. જેને કેમેરામાં કંડારી લેવામાં આવી. જો કે સાવરકુંડલા શહેરમાં બપોરે સાડાત્રણ આસપાસના સમય ગાળા દરમિયાન એક વરસાદી ઝાપટું પણ વરસી ગયું.

## રાજુલા : પથસંચાલન સાથે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્થાપના દિવસની ઉજવણી

રાજુલા, તા. ૧૫



રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્થાપના દિવસ અને વિજયા દશમી ઉત્સવ નિમિત્તે રાજુલા શહેરમાં માધવરાત્રી શાખા ના સ્વયં સેવકોનું ઘોષ સાથે શહેરના મુખ્ય માર્ગો પર પથ સંચલન નિકળ્યું હતું. નગરવાસીઓ દ્વારા ઠેર ઠેર ભગવાધ્વજનું ફુલ, કંકુ અને ચોખા દ્વારા સ્વાગત પુજન કરવામાં આવ્યું આ પથ સંચલન માર્કેટીંગ યાર્ડ થી શરૂ થઈને જલારામ મંદિર પહોંચ્યું હતું ત્યાં વિજયાદશમી નિમિત્તે શસ્ત્ર પૂજન પણ કરવામાં આવ્યું હતું. સ્વયંસેવકો દ્વારા આર.એસ. એસની સ્થાપનાના શતાબ્દી વર્ષ નિમિત્તે પંચ પરીવર્તન વ્યવહારમાં લેવા અનુરોધ કરવામાં આવ્યો હતો જેમાં સમરસતા, સ્વદેશી, કુટુંબ પ્રબોધન, પર્યાવરણ, નાગરિક શિષ્ટાચાર વિશે વાત કરવામાં આવી હતી.આ તકે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના જીલ્લા કાર્યવાહ દ્વારા શાખાના કાર્યકર્તાઓને સંબોધિત કરવામાં આવ્યા હતાં અને કાર્યક્રમના અંતે રાજુલા પોલીસ અને ટ્રાફિક વિભાગ અને નગરપાલિકાનો વિશેષ આભાર માનવામાં આવ્યો હતો.


વેચવાની છે
સેવરોલેટ એન્જોય મોડલ-૨૦૧૩ (૮-સીટર) ટીપટોપ કન્ડીશન, ફુલ વિમો, ચાર નવા ટાયર, કમ્પલીટ ગાડી, મોટા ફેમીલી માટે અથવા ભાડામાં ચાલે તેવી ગાડી તાત્કાલીક વેચવાની છે.
સંપર્ક કરો મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા) આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

હોલસેલ ભાવે ટી-શર્ટ... ટી-શર્ટ...
બ્રાન્ડ ન્યુ વેરાઈટીઝમાં હોલસેલ ભાવમાં ટીશર્ટનો અઘધધ.... ખજાનો......
રીટેલર રેડીમેઈડ દુકાન ધારકો, ટીશર્ટના વેપારીઓ માટે અમારે ત્યાંથી કપલ ટીશર્ટ, ફેમિલી ટીશર્ટ, ગ્રૂપ મેચીંગ ટીશર્ટ, પ્રિન્ટેડ ટીશર્ટ....
નોંધઃ બદલાની સવલત પણ આપવામાં આવશે
ફકત વેપારીઓ જ સંપર્ક કરે...
હોલસેલ..... હોલસેલ......
સંપર્ક : ૯૯૭૮૮ ૭૯૬૭૮

શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે.નાયલોન ખમણ ખમણ હાજરમાં મળશે. ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે,લીલીયા રોડ,અમરેલી.

મકાન વેચવાનું છે
૪- બેડરૂમ, હોલ, કીચન, ફિકસફર્નીચર, કાર પાર્કિંગ, ફળીયું, કલર-પી.ઓ.પી. કરેલ, એક વસા જગ્યામાં, સંપુર્ણ સગવડતાવાળુ બંગલા ટાઈટલનું મકાન વેચવાનું છે.
ચિતલ રોડ, તપોવન પાર્ક
સંપર્ક : ૮૨૦૦૯ ૩૮૬૨૪












### મહારાષ્ટ્ર અને ઝારખંડ ચૂંટણીને લઈને મોટા સમાચાર સામે આવ્યા

# મહારાષ્ટ્ર-ઝારખંડ વિધાનસભા ચૂંટણીની જાહેરાત, મહારાષ્ટ્રમાં ૨૦મી નવેમ્બરે મતદાન, ૨૩મીએ મતગણતરી

## ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર ઝારખંડમાં બે તબક્કામાં મતદાન થશે પ્રથમ તબક્કાનું મતદાન ૧૩મી નવેમ્બરે અને બીજા તબક્કાનું મતદાન ૨૦મી નવેમ્બરે થશે

મહારાષ્ટ્ર,તા.૧૫

મહારાષ્ટ્ર અને ઝારખંડ ચૂંટણીને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે, કેન્દ્રીય ચૂંટણી પંચે આજે બન્ને રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીની તારીખોની જાહેરાત કરી દીધી છે. કેન્દ્રીય ચૂંટણી પંચે આજે બપોરે પ્રેસ કૉન્ફરન્સ કરીને મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટેની તારીખોની જાહેરાત કરી દીધી છે. આ વખતે મહારાષ્ટ્રમાં એક જ તબક્કામાં વિધાનસભા ચૂંટણી યોજાશે, આગામી મહિને ૨૦મી નવેમ્બરે મતદાન યોજાશે અને ૨૩મી નવેમ્બરે મતગણતરી હાથ ધરાશે.મુખ્ય ચૂંટણી પંચે પ્રેસ કૉન્ફરન્સમાં તાજેતરમાં યોજાયેલી જમ્મુ-કાશ્મીર વિધાનસભામાં ઊંચા મતદાન માટે મતદારોને અભિનંદન પાઠવ્યા હતા. તેમને કહ્યું કે જમ્મુ-કાશ્મીરના જનાદેશે નવી આશાનો સંચાર કર્યો છે. જમ્મુ-કાશ્મીરમાં પુનઃમતદાનની જરૂર ના પડી, મતદારોએ લોકતંત્રને વધુ મજબૂત બનાવ્યું છે. જમ્મુ-કાશ્મીરની જનતાએ નાપાક ઈરાદાઓ નિષ્ફળ બનાવ્યા છે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે કહ્યું કે, મહારાષ્ટ્રમાં એક જ તબક્કામાં મતદાન થશે. ૨૦મી નવેમ્બરે મતદાન થશે અને તેનું પરિણામ ૨૩મી નવેમ્બરે આવશે.ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર ઝારખંડમાં બે તબક્કામાં મતદાન થશે. પ્રથમ તબક્કાનું મતદાન ૧૩મી નવેમ્બરે અને બીજા તબક્કાનું મતદાન ૨૦મી નવેમ્બરે થશે.મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે કહ્યું કે ભારત દરેક ચૂંટણીમાં નવો ઈતિહાસ રચી રહ્યું છે. મહારાષ્ટ્રમાં ૫૨૭૮૯ સ્થળોએ ૧૦૦૧૮૬ મતદાન મથકો, કુલ મતદારો -૯.૬૩ કરોડ. ઝારખંડમાં ૮૧ બેઠકો, ૨.૬ કરોડ મતદારો, પ્રથમ વખત મતદારો - ૧૧.૮ લાખ. ૨૦૨૮૧ સ્થળોએ ૨૯૫૬૨ મતદાન મથકો.મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે જણાવ્યું હતું કે, "મહારાષ્ટ્રમાં કુલ મતદારોની સંખ્યા ૯.૬૩ કરોડ છે, જેમાંથી ૪.૯૭ કરોડ પુરૂષ અને ૪.૬૬ કરોડ મહિલા મતદારો છે. પ્રથમ વખત મતદારોની સંખ્યા ૨૦.૯૩ લાખ છે. અહીં ૧,૦૦,૧૮૬ મતદાન મથકો છે. મહારાષ્ટ્ર આ વખતે પણ અમ PWD અને મહિલાઓ દ્વારા સંચાલિત બૂથ સ્થાપિત કરીશું.મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે જણાવ્યું હતું કે, "ઝારખંડમાં કુલ મતદારોની સંખ્યા ૨.૬ કરોડ છે, જેમાંથી ૧.૨૯ કરોડ મહિલા અને ૧.૩૧ કરોડ પુરૂષ મતદારો છે. પ્રથમ વખત મતદારોની સંખ્યા ૧૧.૮૪ લાખ છે. ત્યાં ૨૯,૫૬૨ મતદાન મથકો હશે. ઝારખંડમાં"આ પહેલા સવારે ચૂંટણી પંચે એક પત્ર જાહેર કરીને કહ્યું હતું કે, રાજધાની દિલ્હીના વિજ્ઞાન ભવનમાં બપોરે ૩.૩૦ વાગ્યે એક પ્રેસ કૉન્ફરન્સ યોજાશે, જેમાં ચૂંટણીની તારીખ અને મત ગણતરીની તારીખની પણ જાહેરાત કરવામાં આવશે.મહારાષ્ટ્રની વાત કરીએ તો અહીં વિધાનસભાના ૨૮૮ સભ્યોને ચૂંટવા માટે મતદાન થવાનું છે. રાજયમાં છેલ્લી વિધાનસભા ચૂંટણીઓ ઓક્ટોબર ૨૦૧૯ માં યોજાઈ હતી, જેમાં ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વ હેઠળના જોડાણ એનડીએને સરકાર બનાવવા માટે સ્પષ્ટ બહુમતી મળી હતી, પરંતુ આંતરિક વિખવાદને કારણે, શિવસેના ગઠબંધન (NDA) છોડીને રાષ્ટ્રવાદીમાં જોડાઈ હતી. કોંગ્રેસ પાર્ટીએ સાથે મળીને નવું ગઠબંધન કર્યું. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પણ સ્ફછ માં જોડાઈ અને અહીં રાજ્ય સરકારની રચના કરી, જેમાં ઉદ્ધવ ઠાકરે મુખ્યમંત્રી બન્યા. ૨૦૨૨ માં મહારાષ્ટ્રમાં રાજકીય સંકટ પછી એકનાથ શિંદેએ ૪૦ ધારાસભ્યો સાથે ભાજપ સાથે સરકાર બનાવી. જે બાદ એકનાથ શિંદે નવા મુખ્યમંત્રી બન્યા. ૨૦૨૩ની રાજકીય કટોકટી પછી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીનો અજિત પવાર જૂથ પણ સરકારમાં જોડાયું.મળતી માહિતી મુજબ મહારાષ્ટ્રમાં ૨૬ નવેમ્બરે અને ઝારખંડમાં ૨૯ ડિસેમ્બરે સરકારનો કાર્યકાળ પૂરો થઈ રહ્યો છે.

### ઓવર કોન્ફિડન્સમાં ન રહેતા

# હરિયાણામાં દાઝેલી કોંગ્રેસ મહારાષ્ટ્રમાં એલર્ટ, રાહુલ ગાંધીએ આપી સલાહ

## મહારાષ્ટ્ર કોંગ્રેસ નેતાઓ સાથેની મિટીંગમાં રાહુલ ગાંધીએ સાવચેત કર્યા હતાં, કે તમારે ઓવર કોન્ફિડન્સથી બચવું પડશે

મહારાષ્ટ્ર,તા.૧૫

હરિયાણામાં જીતને આંખ સામે જોઈને ઉજવણી કરી રહેલી કોંગ્રેસ પરિણામ આવતા જ ઊંધા માથે પડી હતી. આ કારમી હારને અત્યાર સુધી કોંગ્રેસ પચાવી નથી શકી. આ પરિણામનું કારણ ઓવર કોન્ફિડન્સ પણ માનવામાં આવી રહ્યું છે. જેના લીધે હરિયાણામાં દૂધથી દાઝેલી કોંગ્રેસ મહારાષ્ટ્રમાં છાશ પણ ફૂંકી-ફૂંકીને પીવે છે. સોમવારે મહારાષ્ટ્ર કોંગ્રેસ નેતાઓ સાથેની મિટીંગમાં રાહુલ ગાંધીએ સાવચેત કર્યા હતાં, કે તમારે ઓવર કોન્ફિડન્સથી બચવું પડશે. તમે એકજૂટ થઈને કામ કરો અને કોઈપણ પ્રકારના અતિ આત્મવિશ્વાસથી બચીને રહો.

નોંધનીય છે કે, ચૂંટણી પંચે મહારાષ્ટ્ર અને ઝારખંડની ચૂંટણીની તારીખો જાહેર કરી દીધી છે. લોકસભા ચૂંટણીમાં ભાજપને પોતાના દમ પર બહુમતથી રોકનારી કોંગ્રેસને આશા હતી કે, તે હરિયાણા અને જમ્મુ-કાશ્મીરમાં સારા પરિણામ લાવશે. ખાસ કરીને હરિયાણામાં તો પાર્ટીને પોતાના દમ પર સત્તાની આશા હતી, પરંતુ પરિણામે ચોંકાવી દીધાં. ભાજપ સતત ત્રીજીવાર હરિયાણામાં જીતી ગઈ. હવે ભાજપને મહારાષ્ટ્રમાં પણ જીતનો વિશ્વાસ જાગી ગયો છે. જોકે, કોંગ્રેસ ત્યાં હજુ ખૂબ જ સાવધાનીથી ચાલી રહી છે. હજુ સુધી કોંગ્રેસ મહારાષ્ટ્રમાં એવા વિશ્વાસમાં નથી કે, તે પહેલાં નંબર પર રહેશે.

જણાવી દઈએ કે, મહારાષ્ટ્રમાં બેઠક વહેંચણી પણ INDIA ગઠબંધન માટે એક પડકાર છે. ઉદ્ધવ ઠાકરે સૌથી વધારે બેઠક ઈચ્છે છે, જોકે કોંગ્રેસનું કહેવું છે કે, લોકસભા ચૂંટણીના પ્રદર્શનને જોતા તે સૌથી વધારે બેઠકો પર લડશે. જોકે, આ વાત પર ત્રણેયની વચ્ચે સંમતિ જોવા મળી રહી છે કે, તે કોઈપણ પરિસ્થિતિમાં ચૂંટણીમાં એકસાથે જ ઉતરશે. જણાવી દઈએ કે, મહાવિકાસ અઘાડીને લોકસભા ચૂંટણીમાં સારી સફળતા મળી હતી. રાજ્યની ૪૮ માંથી ૩૧ બેઠકો પર ગઠબંધન જીત્યું હતું. વળી, ભાજપના નેતૃત્વવાળી એનડીએને ફક્ત ૧૭ બેઠક પર જ જીત મળી હતી.

ત્યારથી રાજ્યમાં દ્ભેંછ ગઠબંધન ઉત્સાહમાં છે, પરંતુ હરિયાણાના પરિણામે રાહુલ ગાંધીથી લઈને તમામ પાર્ટીને એલર્ટ કરી દીધાં છે. હરિયાણાના ચૂંટણી પરિણામને ધ્યાને લઈને પૂરો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે કે, હાલ મતભેદવાળા તમામ મુદ્દાને દૂર જ રાખવામાં આવે. મુખ્યમંત્રીનો ચહેરો પણ જાહેર કરવામાં નહીં આવે. અત્યાર સુધી ત્રણ પાર્ટી વચ્ચે જે વાત થઈ, તે મુજબ કોંગ્રેસ ૧૧૦ થી ૧૧૫ બેઠક લડી શકે છે. વળી, ૯૦ થી ૯૫ બેઠક ઉદ્ધવ સેનાને મળવાની આશા છે. શરદ પવારની એનસીપીને ૮૦ થી ૮૫ બેઠક મળી શકે છે

### મફત યોજનાથી સરકારી તિજોરી પર મોટો બોજ પડે છે

# ચૂંટણી પૂર્વે અપાતી ફ્રી યોજનાઓ લાંચ જેવી : SCમાં અરજી

## ચૂંટણી પહેલા મફત યોજનાઓની જાહેરાતને લાંચરુશ્વત તરીકે જાહેર કરવી જોઈએ મતદારને લાંચની લાલચ આપવાનો આ એક પ્રકાર છે

નવી દિલ્હી,તા.૧૫

ચૂંટણી પંચ આજે મહારાષ્ટ્ર અને ઝારખંડની ચૂંટણીની તારીખોની જાહેરાત કરવા માં આવી છે. તેના અગાઉ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે. આ અરજી પર સુનાવણી કરતા ભારતના મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડની અધ્યક્ષતાવાળી બેંચે કેન્દ્ર અને ચૂંટણી પંચને નોટિસ પાઠવી છે અને અરજીને પેન્ડિંગ કેસ સાથે ટેગ પણ કરી છે.

કર્ણાટકના રહેવાસી શશાંક જે શ્રીધરે પોતાની અરજીમાં કહ્યું કે ચૂંટણી પહેલા મફત યોજનાઓની જાહેરાતને લાંચરુશ્વત તરીકે જાહેર કરવી જોઈએ. મતદારને લાંચની લાલચ આપવાનો આ એક પ્રકાર છે. એવું પણ કહેવામાં આવ્યું હતું કે મફત યોજનાથી સરકારી તિજોરી પર મોટો બોજ પડે છે. રાજકીય પક્ષો ઘણીવાર આવી મફત યોજનાઓની જાહેરાત કરે છે અને તેઓ તેનો અમલ કેવી રીતે કરશે તે પણ જણાવતા નથી.અરજીમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે પારદર્શિતાનો અભાવ આવા વચનોની પરિપૂર્ણતાને સક્ષમ કરતું નથી. જેના કારણે મતદારો સાથે છેતરપિંડી થાય છે.અરજદારે કહ્યું કે આવી યોજનાથી ચૂંટણી પ્રક્રિયા ગીવ એન્ડ ટેકની પ્રક્રિયા બની જાય છે. ફ્રીની સ્કીમ્સ અને ચૂંટણી પહેલાંના વચનોની વધતી ધમકીઓ છતાં, ચૂંટણી પંચ આ પ્રથાને રોકવામાં સફળ રહ્યું નથી. તેમાં કહેવામાં આવ્યું છે કે લોકશાહીની અખંડિતતા જળવાઈ રહે તે રીતે ચૂંટણી યોજવી જોઈએ. અરજદારે એવી પણ માગણી કરી હતી કે ચૂંટણીના થોડા સમય પહેલા મફત યોજનાઓ પર પ્રતિબંધ મૂકવો જોઈએ. આવો પ્રતિબંધ માત્ર સરકારને જ નહીં પરંતુ તમામ રાજકીય પક્ષોને લાગુ પડવો જોઈએ.

ઉલ્લેખનીય છે કે આવી યોજનાઓ મહારાષ્ટ્રથી લઈને ઝારખંડ સુધી મોટી સંખ્યામાં જોવા મળી છે. એકનાથ શિંદેની આગેવાની હેઠળની મહારાષ્ટ્ર સરકારે મુંબઈમાં પ્રવેશવા પર હળવા મોટર વાહનો માટેનો તમામ ટોલ ટેક્સ માફ કરી દીધો છે.

આ ઉપરાંત ગર્લ સિસ્ટર સ્કીમની પણ જાહેરાત કરવામાં આવી હતી. એટલું જ નહીં ઝારખંડમાં પણ આવી જ યોજનાઓની જાહેરાત કરવામાં આવી છે. હરિયાણાની ચૂંટણીમાં પણ રાજકીય પક્ષોએ વિવિધ યોજનાઓની જાહેરાત કરી હતી. શાસક પક્ષથી લઈને કોંગ્રેસ પક્ષ પણ આમાં જોડાઈ ગયો હતો.

### મૂળ કંપની મેટાએ ફક્ત એક મહિનામાં જ આ કાર્યવાહી કરી

# દેશભરમાં ૮૪ લાખ વોટ્સએપ એકાઉન્ટ કરાયા બેન, મેટાની મોટી કાર્યવાહી

## વોટ્સએપને ઘણાં યુઝર્સે આ પ્રકારના સ્કેમની જાણકારી આપી હતી અને પ્લેટફોર્મ પર આ પ્રકારની ફરિયાદ મળી રહી હતી.

નવીદિલ્હી,તા.૧૫

દેશના સૌથી મોટા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ વોટ્સએપે દેશના આશરે ૮૪ લાખ એકાઉન્ટ બેન કરી દીધા છે. વોટ્સએપની મૂળ કંપની મેટાએ ફક્ત એક મહિનામાં જ આ કાર્યવાહી કરી દીધી છે. કંપનીનું કહેવું છે કે, તેમના પ્લેટફોર્મનો ઉપયોગ સ્કેમ માટે કરવામાં આવી રહ્યો હતો, જેથી કરીને કંપનીએ આ શંકાસ્પદ એકાઉન્ટ બેન કરી દીધાં છે. વોટ્સએપને ઘણાં યુઝર્સે આ પ્રકારના સ્કેમની જાણકારી આપી હતી અને પ્લેટફોર્મ પર આ પ્રકારની ફરિયાદ મળી રહી હતી.

કંપનીની તરફથી રજૂ કરવામાં આવેલા ટ્રાન્સપરન્સી રિપોર્ટમાં જણાવવામાં આવ્યું કે, યુઝરની સુરક્ષા માટે મેટાએ આશરે ૮૪,૫૮,૦૦૦ વોટ્સએપ એકાઉન્ટ બેન કરી દીધા છે. આ કાર્યવાહી માહિતી ટેકનોલોજી કાયદાની કલમ ૪(૧)(d) અને ૩A(૭) નું પાલન કરવા માટે કરવામાં આવી છે. સતત મળી રહેલી ફરિયાદો બાદ વોટ્સએપે દેખરેખ વધારી દીધી હતી અને જે ખાતા શંકાસ્પદ જણાયા, તેને કંપનીએ બેન કરી દીધાં છે.કંપની રિપોર્ટ મુજબ જાણવા મળ્યું કે, મેટાએ ૧ થી ૩૧ ઓગસ્ટની વચ્ચે આ તમામ એકાઉન્ટ બેન કરી દીધું છે. તેમાંથી ૧૬.૬૧ લાખ એકાઉન્ટને તાત્કાલિક બંધ કરી દેવાયા હતાં, જોકે બાકીનાની તપાસ બાદ શંકાસ્પદ જણાતા બેન કરવામાં આવ્યા. કંપનીએ ૧૬ લાખથી વધારે એકાઉન્ટને યુઝરની ફરિયાદ વિના જ બંધ કરી દીધાં, કારણકે દેખરેખ દરમિયાન તેમના ખોટા ઉપયોગની વાત સામે આવી હતી.

રિપોર્ટમાં જણાવવામાં આવ્યું કે, કંપનીને ઓગસ્ટ, ૨૦૨૪માં યુઝર તરફથી ૧૦,૭૦૭ ફરિયાદ મળી હતી. તેમાંથી કંપનીને ૯૩ સામે કડક પગલાં લીધા હતાં. આ સિવાય ઈમેલ અને અન્ય માધ્યમોથી મળેલી ફરિયાદોની પણ ઊંડાણ પૂર્વક તપાસ કરવામાં આવી. કંપનીનું કહેવું છે કે, તેમાંથી મોટાભાગના એકાઉન્ટ સ્કેમ અને શોષણ સાથેની ફરિયાદના હતાં.જો કોઈ યુયઝર બલ્ક મેસેજ વધારે મોકલે છે અથવા સ્પામ અથવા છેતરપિંડી અથવા ખોટી સૂચના શેર કરવા અથવા અફવા ફેલાવવામાં તેનો ઉપયોગ કરે છે તો તેનું એકાઉન્ટ બેન કરી દેવામાં આવે છે. જો કોઈ યુઝર ભારતીય કાયદાનું ઉલ્લંઘન કરે તો વોટ્સએપન ઉપયોગ શંકાસ્પદ કાર્યોમાં કરે છે તો તેનું એકાઉન્ટ બેન થઈ જશે. કોઈ યુઝર સામે જો કોઈ વ્યક્તિએ વોટ્સએપસ પર ફરિયાદ કરી અથવા તેનું શોષણ કરવાનો પ્રયાસ કરે છે તો તપાસ બાદ આવા યુઝરનું એકાઉન્ટ બેન થઈ શકે છે.

### ૩૨ હજાર કરોડમાં થશે કરાર

# ભારત અમેરિકા પાસેથી ૩૧ પ્રિડેટર ડ્રોન ખરીદશે

## કેબિનેટ સમિતિએ ગયા અઠવાડિયે ૩૧ પ્રિડેટર ડ્રોનની ખરીદીને મંજૂરી આપી હતી

મહારાષ્ટ્ર,તા.૧૫

મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણીની જાહેરાત થઈ ચૂકી છે. આ દરમિયાન અજિત પવારની NCPને મોટો ઝટકો લાગ્યો છે. પક્ષના બે મોટા નેતાઓ સંજીવરાજે નાઈક નિમ્બાલકર અને દીપક ચવ્હાણે રાજીનામું આપી દીધું છે. આ બંને નેતાઓ શરદ પવારની NCPમાં જોડાયા છે. દીપક ચવ્હાણ ફલટન બેઠકથી ત્રણ વખત ધારાસભ્ય રહી ચૂક્યા છે. જ્યારે સંજીવરાજે નાઈક નિંબાલકર સતારા જિલ્લા પરિષદના પૂર્વ પ્રમુખ રહી ચૂક્યા છે.ચૂંટણી પંચે આજે (૧૫મી ઓક્ટોબર) મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણીની તારીખ જાહેર કરી છે. જેમાં ૨૦મી નવેમ્બરે એક જ તબક્કામાં મતદાન થશે અને ૨૩મી નવેમ્બરે મતગણતરી થશે. મહારાષ્ટ્રમાં વિધાનસભાના ૨૮૮ સભ્યોને ચૂંટવા માટે મતદાન થવાનું છે. રાજ્યમાં છેલ્લી વિધાનસભા ચૂંટણીઓ ઓક્ટોબર ૨૦૧૯માં યોજાઈ હતી. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના વડા શરદ પવારનું નિવેદન સામે આવ્યું છે. એક રેલીને સંબોધતા તેમણે કહ્યું હતું કે, 'ભલે મારી ઉંમર ૮૪ વર્ષ છે, પરંતુ હું રોકાવાનો નથી. એટલું જ નહીં ભલે મારી ઉંમર ૯૦ વર્ષ થઈ જાય, પરંતુ હું આ રીતે કામ કરતો રહીશ. હું મહારાષ્ટ્રને યોગ્ય માર્ગે લાવીને જ રહેશે અને આ માટે દરેક સમયે કામ કરશે.' નોંધનીય છે કે, તેમનો ઈશારો અજીત પવાર તરફ હતો

### ઉદ્ધવ ઠાકરે હોસ્પિટલમાં સારવાર હેઠળ

# મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેની તબિયત લથડી

## મુંબઈની રિલાયન્સ હોસ્પિટલમાં ઠાકરેની એન્જિયોપ્લાસ્ટી કરવામાં આવી હોવાનું હાલમાં કહેવામાં આવી રહ્યું છે

નવીદિલ્હી,તા.૧૫

ત્રણેય સેનાઓની દેખરેખ ક્ષમતા વધારવા માટે આજે અમેરિકાથી ૩૨ હજાર કરોડના ખર્ચે ૩૧ પ્રિડેટર ડ્રોન ખરીદવા અને ભારતમાં તેના માટે જાળવણી, સમારકામ અને ઓવરહોલ (MRO) કેન્દ્રો સ્થાપવા માટે એક કરાર પર હસ્તાક્ષર કરવામાં આવશે. સેનાની સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિએ ગયા અઠવાડિયે ૩૧ પ્રિડેટર ડ્રોનની (Predator Drone) ખરીદીને મંજૂરી આપી હતી. કુલ ૩૧ ડ્રોનમાંથી ૧૫ નેવીને અને ૮ ડ્રોન આર્મી અને એરફોર્સને આપવામાં આવશે. સંરક્ષણ અધિકારીઓએ જણાવ્યું હતું કે યુ.એસ. સાથે વિદેશી સૈન્ય વેચાણ કરાર પર મંગળવારે હસ્તાક્ષર કરવામાં આવશે. સૈન્ય અને કોર્પોરેટ અધિકારીઓની યુએસ ટીમ આ કરારો પર હસ્તાક્ષર કરવા રાજધાનીમાં છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે હસ્તાક્ષર સમારોહમાં સંયુક્ત સચિવ અને નેવલ સિસ્ટમ્સના પ્રોક્યોરમેન્ટ મેનેજર સહિત ભારતીય સંરક્ષણ અધિકારીઓ હાજર રહેશે. આ ડીલ માટે ભારત ઘણા વર્ષોથી યુએસ સાથે ચર્ચા કરી રહ્યું છે, પરંતુ થોડા અઠવાડિયા પહેલા યોજાયેલી ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલની બેઠકમાં આખરી અડચણો દૂર કરવામાં આવી હતી. કારણ કે યુએસના પ્રસ્તાવને કારણે તેને ૩૧ ઓક્ટોબર પહેલા મંજૂરી મળવાની હતી. ભારત સંભવતઃ ચાર સ્થળોએ ડ્રોન તૈનાત કરશે, જેમાં ચેન્નાઈ નજીક INS રાજલી, ગુજરાતમાં પોરબંદર, સરસાવા અને ઉત્તર પ્રદેશમાં ગોરખપુરનો સમાવેશ થાય છે.

પ્રિડેટર ખૂબ જ ઘાતક ડ્રોન છે. તે ૧૯૦૦ કિમી સુધીના વિસ્તાર પર નજર રાખવામાં સક્ષમ છે. તે ૪૮૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ઉડી શકે છે. ભારત સૌથી આધુનિક સંસ્કરણ ખરીદવા જઈ રહ્યું છે. યુએસ આર્મીએ અફઘાનિસ્તાનમાં પ્રિડેટર ડ્રોનનો વ્યાપક ઉપયોગ કર્યો હતો. આ ડ્રોન્સે અલ કાયદા સામેના ઘણા માનવરહિત મિશનમાં ઘણો વિનાશ કર્યો હતો. લાદેનની શોધમાં અમેરિકાએ પણ આ જ ડ્રોનનો ઉપયોગ કર્યો હતો. આ જ ડ્રોન હુમલામાં અલ કાયદાના નેતા અલ જવાહિરીનું પણ મોત થયું હતું.

પ્રિડેટર ડ્રોનની ખાસ વિશેષતાઓ

- પ્રિડેટર ડ્રોન ૨૧૦૦ કિલો સુધીનો ભાર ઉપાડી શકે છે.
- આ ડ્રોન લગભગ ૩૫ કલાક સુધી સતત ઉડી શકે છે.
- પ્રિડેટર ડ્રોન કોઈપણ હવામાનમાં હવા, જમીન અને સમુદ્રમાંથી હુમલો કરવામાં સક્ષમ છે.
- ડ્રોનનો ઉપયોગ હુમલા અને ગુપ્તચર દેખરેખ માટે થઈ શકે છે.
- આ ડ્રોન મિસાઈલ છોડવામાં પણ સક્ષમ છે. ઓટોમેટિક ટેક ઓફ અને લેન્ડિંગની સુવિધા છે.
- ૫૦ હજાર ફૂટથી વધુની ઊંચાઈ સુધી ઉડવાની ક્ષમતા ધરાવે છે.

### રાજ્યના ઘણા વિસ્તારોના વાતાવરણમાં પલટો

# કચ્છમાં ધોધમાર વરસાદ, બજારમાં વહી નદીઓ, પ્રવાહમાં ફ્રિઝ તણાયું

## ધોધમાર વરસાદને પગલે રાપરની બજારમાં નદી વહેતી હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા

કચ્છ,તા.૧૫

આજે ફરી બપોર બાદ રાજયના ઘણા વિસ્તારોના વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે. દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત અને કચ્છમાં વરસાદ જોવા મળ્યો છે. ખાસ કરીને, કચ્છમાં ધોધમાર વરસાદ ખાબક્યો છે. જ્યાં રાપર શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં ચોમાસા જેવા દ્રશ્યો સર્જાયા હતા. ધોધમાર વરસાદને પગલે રાપરની બજારમાં નદી વહેતી હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. જ્યાં પાણીના પ્રવાહમાં ફ્રિઝ સહિતની વસ્તુઓ તરતી જોવા મળી હતી.

બનાસકાંઠામાં લાખણી અને થરાદ બાદ ડીસાના ગામડાઓમાં વરસાદ પડ્યો છે. ડીસાના મહાદેવીયામાં વરસાદ પડ્યો છે. વરસાદ પડતાં મગફળીના પાકને નુકસાન પહોંચ્યું છે.વલસાડ જિલ્લામાં આજે પણ વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે. બપોર બાદ જિલ્લાના છેવાડે આવેલા કપરાડા તાલુકામાં વરસાદ વરસ્યો હતો. લાંબા વિરામ બાદ ફરી એક વખત કપરાડાના સિલધા, બુરલા, ખડકવાળ અને આસપાસના ગામોમાં વરસાદ વરસ્યો હતો. વરસેલા વરસાદને કારણે ડાંગરના પાકને નુકસાન થવાની ભીતી છે. આથી બદલાયેલા વાતાવરણ અને વરસાદને કારણે ખેડૂતોમાં ચિંતાનો

### સાધુ, સંતો અને મહંતોની ઉપસ્થિતિમાં

# બાબરા ખાતે આગામી શનિવારે પ્રજાપતિ સમાજ દ્વારા ભદ્રોત્સવ યોજાશે

## કાર્યક્રમને સફળ બનાવવાં તડામાર તૈયારીઓ

બાબરા, તા. ૧૫

બાબરા અમરાપર વાટલિયા પ્રજાપતિ સમાજને ત્યાં આશરે બે માસ પહેલા એક ફરતારામ સાધુ આવેલા અને તેમના ઘરે જ રામચરણ પામેલ પોતાના સ્વજનને વિદાય આપે તેમ તેમને અગ્નિ સંસ્કાર આપી દુઃખ વ્યકત કરેલ અત્યારના સમયમાં પોતાના મા બાપ કે સ્વજનને વૃધ્ધાશ્રમમાં મુકતા માણસો ઘણાં છે ત્યારે એક ફરતારામ સાધુની પાછળ પોતાના સ્વજન ગુમાવ્યા હોય તેવું દુઃખ વ્યકત કરી તેમના આત્માના કલ્યાણર્થે ભંડારો કરવાનું ઉમદા કાર્ય પ્રજાપતિ સમાજે કરયું છે.

ભદ્રોત્સવ તા.૧૯/૧૦/૨૪ ને શનિવાર વાટલિયા પ્રજાપતિ સમાજની વાડી ભવાની જેમ્સ પાસે માં બપોરે ૩ થી રાત્રે ૧૨ કલાક સુધીનું આયોજન કરેલ છે જેમાં પ.પૂ. ઘનશ્યામદાસબાપુ તાપડિયા આશ્રમ બાબરા પ.પૂ. ગોપાલદાસબાપુ રોકડિયા હનુમાનજી મંદિર હિરાણા, પ.પૂ. રાજુબાપુ ગુરૂ મુળદાસબાપુ ગેબી વિસામો આશ્રમ બાબરા, પ.પૂ. મહેશનાથબાપુ રામદેવપીર મંદિર ગળકોટડી, પ.પૂ. તુલસીદાસબાપુ હનુમાનજી મંદિર ચમારડી, તથા પ.પુ. ગોવિંદભગત અલખધણી ગૌશાળા બાબરા પધારી આશિર્વાદ આપશે.

તેમના આત્માના કલ્યાણથે રાત્રીના ૯ થી ૧૨ સીતારામધૂનમંડળઅમરાપરાનું આયોજન કરેલ છે બાબરા અમરાપરાના રામાનંદી સાધુ સમાજ, દશનામ સમાજ, અને વૈષ્ણવ સમાજને સહપરિવાર ભોજન પ્રસાદનું આયોજન કરેલ છે. તેમજ તેમના સમાજ અનને મિત્ર વર્તુળને આમંત્રણ આપેલ છે.

જેમના માથે આ ભદ્રોત્સવની સંપૂર્ણ જવાબદારી છે તેવા આ સમાજના બાબુભાઈ ભીમજીભાઈ પ્રજાપતિ, વિનુભાઈ વિરજીભાઈ પ્રજાપતિ, પ્રવિણભાઈ વિરજીભાઈ પ્રજાપતિ, તથા લાલજીભાઈ વીરજીભાઈ પ્રજાપતિ તથા સમસ્ત વાટલિયા પ્રજાપતિ સમાજ તડામાર તૈયારી કરી રહયા છે.

# સાવરકુંડલા : એસ.એમ.જી.કે. શૈક્ષણિક સંકુલમાં સત્રાંત પરીક્ષાનો પ્રારંભ



સાવરકુંડલા, તા. ૧૫

સાવરકુંડલાખાતેમહુવારોડ પરઆવેલાએસ.એમ.જી.કે.શૈક્ષણિક સંકુલમાં આ વર્ષની સત્રાંત પરીક્ષાનો પ્રારંભ થતાં કેમ્પસ ડાયરેકટર એકેડેમિક ડાયરેકટર તથા ટ્રસ્ટીગણ દ્વારા તમામ વિદ્યાર્થીઓને હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાંઆવી.

કોંગ્રેસ જ હતી જેણે અફઝલ માટે ૨૦૦૪માં પોટાને રદ્દ કર્યો હતો.

# કોંગ્રેસ કાયમ આતંકીઓ પ્રત્યે કુણું વલણ અપનાવે છે: ભાજપનો આક્ષેપ

**ભાજપને આતંકીઓની પાર્ટી કહેનારા કોંગ્રેસ પ્રમુખ ખડગેને મંત્રી પ્રહલાદ જોશીનો જવાબ**

મુંબઈ, તા.૧૫

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના ભાજપને આતંકવાદી પાર્ટી કહેવાના નિવેદનને લઈને આકરી પ્રતિક્રિયા સામે આવી છે. જેમાં કોંગ્રેસના નેતૃત્વ હેઠળની યુપીએ સરકાર દરમિયાનની આતંકવાદી ઘટનાઓનો ઉલ્લેખ કરતા કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીએ કોંગ્રેસ પર આતંકવાદના ગુનેગારો પ્રત્યે નરમ વલણ અપનાવવાનો આક્ષેપ કર્યો છે. તેમણે કોંગ્રેસ પર આતંકવાદી અફઝલ ગુરુ પ્રત્યે નરમ વલણ રાખવાનો આરોપ લગાવતા કહ્યું કે સોનિયા ગાંધીએ બાટલા હાઉસ એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા આતંકવાદીઓ પ્રત્યે પણ સહાનુભૂતિ વ્યક્ત કરી હતી. સોશિયલ મીડિયા પર તેમના મંતવ્યો શેર કરતા જોશીએ કહ્યું, ''મલ્લિકાર્જુન ખડગેએ ભૂલથી ભાજપને આતંકવાદી પક્ષ કહ્યો. તે સોનિયા ગાંધી હતા જેમણે બાટલા હાઉસમાં માર્યા ગયેલા આતંકવાદીઓ માટે આંસુ વહાવ્યા હતા. કોંગ્રેસ જ હતી જેણે અફઝલ માટે ૨૦૦૪માં પોટાને રદ્દ કર્યો હતો. તેમના વડાપ્રધાન મનમોહન સિંઘ હતા, જેમણે અલગતાવાદી આતંકવાદીઓ સાથે હાથ મિલાવ્યા હતા''. તેમણે કહ્યું હતું કે ''વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યકાળ દરમિયાન જ આતંકવાદી પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર ઘટાડો જોયો છે. આજે કાશ્મીરી યુવાનો પાસે નોકરીઓ છે, પથ્થરો નથી. એક વરિષ્ઠ નેતા તરીકે ખડગેએ નિવેદન આપતા પૂર્વે તેની તપાસ કરવી જોઈએ.''

# દિવાળી પહેલાં ઘણા ડોમેસ્ટિક રૂટના વિમાન ભાડામાં ૨૦-૨૫% ઘટાડો

નવી દિલ્હી, તા.૧૫

આ દિવાળીની સિઝનમાં વિમાન મુસાફરો માટે સારા સમાચાર આવી રહ્યાં છે. ઘણા ડોમેસ્ટિક રૂટ પર સરેરાશ વિમાન ભાડામાં ગયા વર્ષની સરખામણીમાં ૨૦-૨૫ ટકાનો ઘટાડો થયો છે. એરલાઇન કંપનીઓની બેઠક ક્ષમતામાં વધારો અને ક્રૂડ ઓઈલના ભાવમાં તાજેતરના ઘટાડાને કારણે વિમાનની ટિકિટના ભાવ ઘટ્યા છે. એક ટ્રાવેલ પોર્ટલના વિશ્લેષણ મુજબ કે સ્થાનિક રૂટ પર સરેરાશ હવાઈ ભાડું ૨૦-૨૫ ટકાની રેન્જમાં ઘટ્યું છે. આ ભાવ ૩૦ દિવસના એડવાન્સ બુકિંગના સરેરાશ ભાવ આધારિત છે. આ વિશ્લેષણમાં ગયા વર્ષના ૧૦થી ૧૬ નવેમ્બર વચ્ચેના સમયગાળાને ધ્યાનમાં લેવામાં આવ્યો છે, જ્યારે આ વર્ષ માટે ૨૮ ઓક્ટોબરથી ૩ નવેમ્બર સુધીના સમયગાળાને ધ્યાનમાં રાખવામાં આવ્યો છે.વિશ્લેષણ મુજબ બેંગલુરુ-કોલકાતા ફ્લાઈટ માટે સરેરાશ વિમાન ભાડું ૩૮ ટકા ઘટી આ વર્ષે રૂ.૬,૩૧૯ થયું છે, જે ગયા વર્ષે રૂ.૧૦,૧૯૫ હતું. ચેન્નાઈ-કોલકાતા રૂટ પર ટિકિટની કિંમત રૂ.૮,૭૨૫થી ૩૬ ટકા ઘટી રૂ.૫,૬૦૪ થઈ છે. મુંબઈ-દિલ્હી ફ્લાઈટનું સરેરાશ હવાઈ ભાડું રૂ.૮,૭૮૮થી ૩૪ ટકા ઘટીને રૂ.૫,૭૬૨ થયું છે.

એ જ રીતે દિલ્હી-ઉદયપુર રૂટ પર ટિકિટના ભાવ રૂ.૧૧,૨૯૬થી ૩૪ ટકા ઘટી રૂ.૭,૪૬૯ થયા છે. દિલ્હી-કોલકાતા, હૈદરાબાદ-દિલ્હી અને દિલ્હી-શ્રીનગર રૂટ પર આ ઘટાડો ૩૨ ટકા સુધીનો છે.ગયા વર્ષે મર્યાદિત કેપેસિટીને કારણે દિવાળીની આસપાસ વિમાન ભાડામાં ઉછાળો આવ્યો હતો. ગયા વર્ષે ગો ફર્સ્ટ એરલાઈનની કામગીરી સ્થગિત થઈ હતી. જોકે આ વર્ષે થોડી રાહત મળી છે, કારણ કે વધારાની કેપેસિટીનો ઉમેરો કરાયો છે. તેનાથી ઓક્ટોબરના છેલ્લા સપ્તાહ માટે મહત્ત્વના ડોમેસ્ટિક રૂટ પર વાર્ષિક ધોરણે વિમાન ભાડામાં સરેરાશ ૨૦થી ૨૫ ટકાનો ઘટાડો થયો છે. ચાલુ વર્ષના પ્રારંભથી ક્રૂડ ઓઈલના ભાવમાં આશરે ૧૫ ટકાનો ઘટાડો થયો છે. તેનાથી પણ વિમાન ભાડામાં ઘટાડાનું દબાણ આવ્યું છે.

તેથી ઉત્સવોની સીઝનમાં મુસાફરોને વધુ સસ્તી ટિકિટ ઉપલબ્ધ બનશે. હાલમાં વધતા ભૌગોલિક રાજકીય તણાવ વચ્ચે ક્રૂડ ઓઈલના ભાવમાં વધારા તરફી ટ્રેન્ડ છે. દરમિયાન કેટલાંક રૂટ પર વિમાન ભાડામાં ૩૪ ટકા સુધી વધારો થયો છે. વિશ્લેષણમાં જણાવ્યા મુજબ અમદાવાદ-દિલ્હી રૂટ પર ટિકિટની કિંમત રૂ.૬,૫૩૩થી ૩૪ ટકા વધીને રૂ.૮,૭૫૮ થઈ છે, જ્યારે મુંબઈ-દહેરાદૂન રૂટ પર ટિકિટના ભાવ રૂ.૧૧,૭૧૦થી વધીને રૂ.૧૫,૫૨૭ થયા છે.

પહેલી જ વખત આપશે કેપિટલ સબસિડી

# સરકારે દસ મહિના પછી જાહેર કરી ટેક્સ્ટાઇલ પોલિસી

**જૂની પોલિસીમાં વ્યાજ પર સબસિડી ૫ થી ૬ ટકાથી ઘટાડીને ૫ થી ૭ ટકા કરવામાં આવી છે જ્યારે વીજળી સબસિડી પ્રતિ યુનિટ રૂ. ૧ નક્કી કરવામાં આવી છે**

અમદાવાદ,તા.૧૫

રાજ્ય સરકારે જૂની ટેક્સ્ટાઈલ પોલિસી પૂરી થયાના દસ મહિના પછી આજે ૧૫ ઓક્ટોબરના રોજ ટેક્સટાઈલ પોલિસી ની જાહેરાત કરી છે. નવી ટેક્સ્ટાઈલ પોલિસીમાં પહેલી જ વખત કેપિટલ સબસિડી આપવામાં આવી રહી છે. આના હેઠળ ૧૦ થી ૩૫ ટકા મૂડી સબસિડીની જોગવાઈ કરવામાં આવી છે. જ્યારે જૂની પોલિસીમાં વ્યાજ પર સબસિડી ૫ થી ૬ ટકાથી ઘટાડીને ૫ થી ૭ ટકા કરવામાં આવી છે. જ્યારે વીજળી સબસિડી પ્રતિ યુનિટ રૂ. ૧ નક્કી કરવામાં આવી છે. ગુજરાતના ૫૫૯૨ ઔદ્યોગિક એકમો માટે ૧૧૦૭ કરોડ રૂપિયાની સહાયની જાહેરાત કરવામાં આવી છે. નવી નીતિ ગ્રામીણ મહિલાઓને વધુ ભંડોળ પૂરું પાડવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ઉદ્યોગ સાહસિકતા દિવસની ઉજવણી કરવામાં આવી છે ત્યારે ટેક્સટાઈલ પોલિસી શરૂ કરવામાં આવી છે. ગુજરાત કાપડ ઉત્પાદન અને વેપારનું કેન્દ્ર રહ્યું છે. ડેનિમ કેપિટલ તરીકે પ્રખ્યાત. ટેક્સટાઈલ પોલિસી ૨૦૧૨માં જાહેર કરવામાં આવી હતી. જેમાં ૩૫ હજાર કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવ્યું હતું. આ નીતિએ રાજ્યમાં કાપડ ઉદ્યોગને પ્રોત્સાહન આપ્યું હતું. દેશના કાપડ ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો ૨૫ ટકા છે. ટેક્સટાઈલ પોલિસી ૨૦૨૪ની આજે જાહેરાત કરવામાં આવી હતી. નવી નીતિનો હેતુ ગ્રામીણ વિસ્તારની મહિલાઓને વધુ પૈસા મળે તે સુનિશ્ચિત કરવાનો છે. ૩૦ હજાર કરોડનું રોકાણ થવાની સંભાવના છે. કપાસ ઉત્પાદકો ખેડૂતો અને યુવાનોને રોજગાર આપશે. નવસારીમાં મેગા ટેક્સટાઈલ પાર્ક બનાવવામાં આવી રહ્યો છે.

જૂની ટેક્સટાઈલ પોલિસી ૩૧-ડિસે-૨૦૨૩ ના રોજ પૂરી થઈ હતી. આ પોલિસી ૨૦૧૯માં પાંચ વર્ષ માટે જાહેર કરવામાં આવી હતી. જેમાં કેપિટલ સબસીડીની જોગવાઈ ન હતી. વ્યાજ પર સબસિડી અને વીજળી પર સબસિડી આપવામાં આવી હતી. આ વખતે પહેલીવાર સરકારે કેપિટલ સબસિડી પણ આપી છે તેથી વ્યાજ ઉપરાંત વધારાની સબસિડીના કારણે કાપડના વેપારીઓને ફાયદો થવાની શક્યતા છે. જો આપણે ઉદાહરણ દ્વારા સમજીએ તો, જો કોઈ કાપડ ઉદ્યોગપતિએ કાપડના કારખાનામાં ૧૦૦૦ રૂપિયાનું રોકાણ કર્યું હોય, તો સરકાર તેને ૪૦૦ રૂપિયા સબસિડી તરીકે આપશે. ૨૦૧૯ની નીતિમાં શું હતું? ૨૦૧૯ની ટેક્સટાઈલ પોલિસીમાં વાર્ષિક રૂ. ૨૦ કરોડની મર્યાદા સાથે ૬ ટકા વ્યાજ સબસિડી, નવા રોકાણ પર ઉદ્યોગપતિઓને રૂ. ૨ થી ૩ની વીજળી સબસિડી, ૨૫ ટકાથી વધુ પ્લાન્ટ મશીનરીના વિસ્તરણ પર જ સબસિડી, મહત્તમ ૫૦ ટકા લેખો એનર્જી વોટર ઓડિટમાં રૂ. ૧ લાખ સુધીની ગ્રાન્ટ, નાની મશીનરીની ખરીદી પર ૨૦ ટકાના દરે મહત્તમ રૂ. ૩૦ લાખની સબસિડી આપવામાં આવી હતી. ૨૦૧૨ની ટેક્સટાઈલ પોલિસીમાં ટેક્નિકલ ટેક્સટાઈલ માટે ૬ ટકા અને સ્પિનિંગ માટે ૭ ટકાની લોન પર વ્યાજ સબસિડી, માત્ર કપાસ ઉદ્યોગ માટે હયાત બિલમાં યુનિટ દીઠ ૧ રૂપિયા સબસિડી, પ્લાન્ટ મશીનરીના ૨૫ ટકાથી વધુ વિસ્તરણ પર સબસિડી, ઊર્જા અને પાણીનો સમાવેશ થાય છે. ઓડિટ માટે પ્રતિ લેખ રૂ. ૫૦ સુધી ૨૦ ટકા અનુદાન. ૧,૦૦૦ સુધીની સબસિડીનો સમાવેશ થાય છે, પરંતુ મોટી મશીનરી સાથે ખરીદેલી નાની મશીનરી પર સબસિડી મળતી ન હતી.

અદાણીના એજન્ટના રૂપમાં કામ કરે છે પીએમ મોદી

# કેન્યાના પૂર્વ વડાપ્રધાનના નિવેદનને લઇને કોંગ્રેસ-આપના પ્રહાર

**કેન્યાના પૂર્વ વડાપ્રધાન રેલા ઓડિંગાનું કહેવું છે- નરેન્દ્ર મોદીએ મને પોતાના મિત્ર ગૌતમ અદાણી અને તેમના બિઝનેસ વિશે જણાવ્યું**

નવી દિલ્હી, તા.૧૫

અદાણીના એજન્ટના રૂપમાં કામ કરે છે PM મોદી, કેન્યાના પૂર્વ વડાપ્રધાનના નિવેદનને લઈને કોંગ્રેસ-AAPના પ્રહારકેન્યાના પૂર્વ વડાપ્રધાન રેલા ઓડિંગાએ એક નિવેદન આપ્યું છે જેમાં તેમને PM મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે અદાણીના અલગ અલગ પ્રોજેક્ટને લઈને જાણકારી આપી હતી.

હવે આ નિવેદનને લઈને કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ પ્રહાર કર્યા છે.કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ કેન્યાના પૂર્વ વડાપ્રધાન રેલા ઓડિંગાના એક નિવેદનને લઈને એક પોસ્ટ કરી છે જેમાં PM મોદી અદાણીના એજન્ટના રૂપમાં કામ કરતા હોવાનો આરોપ લગાવ્યો છે. કેન્યાના પૂર્વ વડાપ્રધાન રેલા ઓડિંગાનું કહેવું છે- નરેન્દ્ર મોદીએ મને પોતાના મિત્ર ગૌતમ અદાણી અને તેમના બિઝનેસ વિશે જણાવ્યું. અદાણીના અલગ અલગ પ્રોજેક્ટ્સ વિશે જાણકારી આપી. આટલું જ નહીં, નરેન્દ્ર મોદીએ કેન્યાઇ ડેલિગેશનને ગુજરાત બોલાવીને અદાણીના બિઝનેસ વિશે વિસ્તારથી સમજાવ્યું હતું.''કોંગ્રેસે કહ્યું કે, કેન્યાના પૂર્વ વડાપ્રધાનનો આ ખુલાસો ગંભીર છે, જે જણાવે છે કે નરેન્દ્ર મોદી કઇ રીતે પોતાના મિત્ર અદાણી માટે એજન્ટની જેમ કામ કરી રહ્યાં છે. મોદી વિદેશમાં અદાણીની માર્કેટિંગ કરે છે અને તેમને અબજોની ડિલ અપાવે છે.

બોર્ડની પરીક્ષાઓ ૧૫ દિવસ પહેલા થશે શરૂ

# ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાનું ટાઈમ ટેબલ જાહેર કરવામાં આવ્યુ

**આ પરીક્ષાનો અભ્યાસક્રમ બોર્ડની વેબસાઇટ www.gseb.org પર મૂકવામાં આવ્યો છે**

અમદાવાદ,તા.૧૫

હાલ ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાનું ટાઈમ ટેબલ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ વર્ગ-૧૦ (SSC), સંસ્કૃત પ્રથમ અને વર્ગ-૧૨ (HSC) વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહ, ઉચ્ચ ઉત્તર બંયાદી પ્રવાહ, વ્યવસાયિક પ્રવાહ, સંસ્કૃત માધ્યમના વિદ્યાર્થીઓની પરીક્ષા આગામી ફેબ્રુઆરીમાં લેવામાં આવશે. માર્ચ-૨૦૨૫. આ પરીક્ષા ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૫ થી ૧૩ માર્ચ ૨૦૨૫ દરમિયાન લેવામાં આવશે. આ પરીક્ષાનો અભ્યાસક્રમ બોર્ડની વેબસાઈટ www.gseb.org પર મૂકવામાં આવ્યો છે.ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાનું ટાઈમ ટેબલ જાહેર કરવામાં આવ્યું છે. દર વર્ષે બોર્ડની પરીક્ષા ૧૫ માર્ચથી શરૂ થાય છે. પરંતુ આ વર્ષે પરીક્ષા ૧૫ દિવસ પહેલા લેવામાં આવી છે. ધોરણ ૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાઓ પણ ૨૭ ફેબ્રુઆરીથી ૧૦ માર્ચ દરમિયાન લેવામાં આવશે. જ્યારે ૧૨મા ધોરણ સામાન્ય પ્રવાહ અને યુ.યુ. પ્રવાહની પરીક્ષાઓ ૧૩ માર્ચ સુધી યોજાશે. ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ માટે પરીક્ષાનો સમય સવારે ૧૦ થી બપોરે ૧.૧૫ વાગ્યા સુધીનો રહેશે. જ્યારે ધોરણ ૧૨ની પરીક્ષાનો સમય બપોરે ૩ વાગ્યાથી ૬.૧૫ વાગ્યા સુધીનો રહેશે. ધોરણ ૧૦ ના વ્યાવસાયિક અભ્યાસક્રમો સિવાયના તમામ વિષયોના પ્રશ્નપત્રો ૮૦ ગુણના હશે. દરેક પ્રશ્નપત્ર માટે ૧૫ મિનિટ વધુ સમય ફાળવવામાં આવશે. વિદ્યાર્થીને ઉપરોક્ત ઉત્તરપત્ર ભરવા માટે પ્રારંભિક પાંચ મિનિટ અને પ્રશ્નપત્ર વાંચવા માટે ૧૦ મિનિટ ફાળવવામાં આવશે. અને નિયમ મુજબ જવાબ લખવાનો સમય ૧ કલાકથી ૩ કલાકનો રહેશે. પરીક્ષાના પહેલા દિવસે વિદ્યાર્થીઓએ પરીક્ષા શરૂ થાય તેના ૩૦ મિનિટ પહેલા પરીક્ષા કેન્દ્ર પર પહોંચવાનું હોય છે. અન્ય દિવસોમાં, ૨૦ મિનિટ પહેલા રહો.

આ સાથે GUJCAT ૨૦૨૫ ની પરીક્ષાની તારીખ પણ જાહેર કરવામાં આવી છે. શિક્ષણ વિભાગ દ્વારા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ઓફ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી એજ્યુકેશન બોર્ડમાં વર્ષ ૨૦૨૫ માટે વિજ્ઞાન પ્રવાહના ગ્રુપ છ, ગ્રુપ B અને ગ્રુપ A-B ના વિદ્યાર્થીઓના પ્રવેશ માટે રવિવાર ૨૩ માર્ચ ૨૦૨૫ ના રોજ પ્રવેશ પરીક્ષા લેવામાં આવી છે. રાજ્યમાં ડિગ્રી એન્જિનિયરિંગ, ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમો આવશે.

GUJCAT પરીક્ષા રવિવાર ૨૩ માર્ચ ૨૦૨૫ ના રોજ સવારે ૧૦ થી સાંજના ૪ વાગ્યા સુધી જિલ્લા કક્ષાના કેન્દ્રો પર લેવામાં આવશે. GUJCAT ૨૦૨૫ અરજી ફોર્મ ઓનલાઈન ભરવા માટેની તારીખ અને માહિતી બોર્ડની વેબસાઈટ www.gseb.org પર પ્રકાશિત કરવામાં આવશે, તેની જાહેરાત પછીથી અખબારી યાદી દ્વારા કરવામાં આવશે

કેમ્પસ ખાલી કરો નહીં તો પરિણામ ભોગવવા પડશ

# ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીને બે દિવસમાં ફરીથી મળી ધમકી

**અધિકારીઓ સહિત તમામ વિદ્યાર્થીઓએ એક દિવસમાં કેમ્પસ ખાલી કરી દેવું જોઈએ નહીંતર આવતીકાલે રાત્રે પરિણામ માટે તૈયાર રહો.**

ગાંધીનગર,તા.૧૫

ગાંધીનગરમાં રાયસણ સ્થિત ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી(GNLU) ને બે દિવસમાં ફરીથી ધમકી મળી છે. આ ધમકીમાં કહેવામાં આવ્યું છે બોમ્બ પ્લાન્ટ કરવામાં આવ્યો છે. કેમ્પસ ખાલી કરો નહીં તો પરિણામ ભોગવવા પડશે. આના પગલે બે દિવસમાં બીજી વખત પોલીસમાં દોડધામ મચી છે. આ પહેલા રવિવારે ધમકીમળી ત્યારે આખી રાત સુધી ચાલેલા સર્ચ ઓપરેશન પછી બોમ્બ મળ્યો નથી. તેના પગલે પોલીસ તપાસ બંધ કરે તે પહેલા બીજો મેઈલ આવ્યો છે. તેમા જણાવાયું હતું કે આજે રાત સુધીમાં કેમ્પસ ખાલી નહીં કરાય તો બોમ્બમારો કરવામાં આવશે એમ તેમા જણાવાયું હતું.આ સંદર્ભે રજીસ્ટ્રાર ડો.જગદીશચંદ્ર ગંગાધરૈયા વતી ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ પણ નોંધાવવામાં આવી છે. સોમવારે ફરીથી Anonymousemail. me તરફથી GNLU ને એક ઈમેલ મોકલવામાં આવ્યો હતો. તેણે કહ્યું કે ગઈકાલે રાત્રે (રવિવારે) તમને મળીને આનંદ થયો. જો તમારે તમારો જીવ બચાવવો હોય તો આજે રાત સુધીમાં કેમ્પસ ખાલી કરી દો. નહીંતર બોમ્બની એ થેલી જે તમને ગઈકાલે મળી ન હતી તે તમારા સુધી પહોંચી જશે. મારા માણસો હેન્ડ ગ્રેનેડ અને સ્નાઈપર ગન સાથે કેમ્પસની બહાર ગુપ્ત જગ્યાએ છે. માત્ર એક ઈશારો તમને મારી નાખશે. તમારા અધિકારીઓને સૂચિત કરો. અમે કેમ્પસની બહાર પણ વિદ્યાર્થીઓનું સ્થાન જાણીએ છીએ. જીએનએલયુ કેમ્પસ અને નજીકની પીડીપીયુ યુનિવર્સિટીમાં બોમ્બ મુકવામાં આવ્યા છે. આ માહિતી કેટલાક વિદ્યાર્થીઓના ઈમેલ પર મોકલવામાં આવી છે. અધિકારીઓ સહિત તમામ વિદ્યાર્થીઓએ એક દિવસમાં કેમ્પસ ખાલી કરી દેવું જોઈએ નહીંતર આવતીકાલે રાત્રે પરિણામ માટે તૈયાર રહો. જો તમારી તરફથી કોઈ શંકાસ્પદ ગતિવિધિ ધ્યાનમાં આવશે તો મારા લોકો દ્વારા તે મુજબ કાર્યવાહી કરવામાં આવશે. સત્તાવાળાઓનું ધ્યાન આકર્ષિત કરી શકે તેવી કોઈપણ પ્રવૃત્તિમાં સામેલ થશો નહીં. ચાલો હું તેને ફરીથી કહું, અમારી નજર તમારા પર છે. અમે તમને બોમ્બનું લોકેશન ત્યારે જ જણાવીશું જ્યારે સમગ્ર કેમ્પસ ખાલી કરાવવામાં આવશે, એમ મેમ્બર ઓફ તાલિબાને જણાવ્યું હતું. રવિવારે, રજિસ્ટ્રાર અને લગભગ ૪૦૦ વિદ્યાર્થીઓને ગાંધીનગરની ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીમાં બોમ્બની ધમકી ધરાવતો ઈમેલ મળ્યો હતો. યુનિવર્સિટીના રજિસ્ટ્રાર ડૉ. જગદીશચંદ્ર ગંગાધરૈયાએ જાણ કરતાં જ એસપી રવિ તેજા વસમસેટ્ટી ઈન્ફોસિટી પોલીસ, સ્પેશિયલ ઑપરેશન ગ્રુપ અને લોકલ ક્રાઈમ બ્રાન્ચ તેમજ ડોગ અને બોમ્બ સ્કવોડની ટીમ સાથે યુનિવર્સિટી પહોંચી ગયા હતા. બાદમાં, પોલીસની અલગ-અલગ ટીમો દ્વારા સમગ્ર યુનિવર્સિટીના દરેક વિભાગમાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું, સાથે સાથે ગર્લ્સ-બોયઝ હોસ્ટેલમાં ડોગ-બોમ્બ સ્કવોડની ટીમ પણ હાજર હતી. દરમિયાન, સાવચેતીના ભાગરૂપે, તમામ વિદ્યાર્થીઓને કેમ્પસમાં સલામત સ્થળે લઈ જવામાં આવ્યા હતા. મામલાની ગંભીરતાને ધ્યાને લઈ ગાંધીનગર પોલીસે રાત્રિથી જ સાયબર ક્રાઈમ પોલીસને સર્ચ ઓપરેશન તેમજ ટેકનિકલ તપાસ માટે સક્રિય કરી હતી.સાબરકાંઠાથી બોમ્બ સ્કવોડની અન્ય ટીમને પણ બોલાવી સર્ચ હાથ ધરવામાં આવ્યું હતું. પરંતુ સવાર સુધી ચાલેલી તપાસમાં ધમકી જેવી શંકાસ્પદ બાબત બહાર આવી ન હતી. આવી સ્થિતિમાં ગઈકાલે સોમવારે ફરીથી યુનિવર્સિટીને ધમકીભર્યો ઈ-મેલ મળ્યો હતો. જેના કારણે રજીસ્ટ્રાર દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવી છે. જે મુજબ રજીસ્ટ્રાર, વીસી અને પીડીપીયુ કોલેજના ઈમેલ પર Harshittaalibaanallah @mail.com ™ામનો ઈમેલ આવ્યો હતો. આ બાબતે તમામ વિદ્યાર્થીઓ, વેલ્ફેર કમિટી, હોસ્ટેલ વોર્ડન, એકેડેમીના વડા સાથે પૂછપરછ કર્યા બાદ કોઈએ પણ આવો મેઈલ ન મોકલતા ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનમાં રજીસ્ટ્રાર દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી છે.

# ચોમાસામાં સારા વરસાદના પરિણામે રાજ્યના ૨૦૬ જળાશયોમાં ૯૫ ટકાથી વધુ જળસંગ્રહ થયો

**દક્ષિણ અને મધ્ય ગુજરાતના કુલ ૩૦ જળાશયોમાં ૧૦૦ ટકા જેટલો તેમજ સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયો ૯૪.૪૦ ટકા ભરાયા**

અમદાવાદ,તા.૧૫

ચોમાસામાં સારા વરસાદના પરિણામે રાજ્યના ૨૦૬ જળાશયોમાં ૯૫ ટકાથી વધુ જળસંગ્રહ થયો છે. જ્યારે, ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં હાલમાં ૩,૩૦,૨૧૩ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૯૯ ટકા જેટલો જળસંગ્રહ નોંધાયો છે. આમ રાજ્યના કુલ ૨૦૭ જળાશયોમાં ૯૬.૭૫ ટકા જળસંગ્રહ થયો છે, તેમ, જળ સંપત્તિ વિભાગના અહેવાલમાં જણાવાયું છે.

આજે સવારે ૮.૦૦ કલાકના અહેવાલ મુજબ રાજ્યના ૧૩૯ જળાશયો ૧૦૦ ટકાથી વધુ ભરાયા છે. જ્યારે ૪૬ જળાશયો ૭૦થી ૧૦૦ ટકા, ૧૩ જળાશયો ૫૦થી ૭૦ ટકા, ૦૪ જળાશયો ૨૫થી ૫૦ ટકા અને ૦૪ જળાશયો ૨૫ ટકાથી ઓછા ભરાયા છે. આ ઉપરાંત દક્ષિણ અને મધ્ય ગુજરાતના કુલ ૩૦ જળાશયો ૧૦૦ ટકા જેટલા, સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયો ૯૪.૪૦ ટકા, કચ્છના ૨૦ જળાશયો ૮૨.૯૮ ટકા તથા ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૭૪.૩૩ ટકા પાણીનો સંગ્રહ થયો છે. ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે આ સમયે રાજ્યમાં ૨૦૭ જળાશયોમાં ૯૫.૬૮ ટકા જ્યારે, આ વર્ષે ગઈ કાલની સ્થિતિએ રાજ્યમાં ૯૬.૮૨ ટકા જળસંગ્રહ નોંધાયો હતો. આ ઉપરાંત રાજ્યના ઉકાઈ, ભાદર-૨, કડાણા, વણાકબોરી, ભાદર, ઓઝત-વિઅર (વંથલી), કરજણ, દમણગંગા, પાનમ, સસોઈ, રાણા ખીરસરા તેમજ ફોફલ-૧, ઓઝત-૨, માછણનાળા, છાપરવાડી-૨, આજી-૩, અને વર્તુ-૨ ડેમ ૧૦૦ ટકા જેટલા ભરાયા છે. જ્યારે, ધરોઈ ડેમ ૯૦.૪૮ ટકા, વાડીમાં ૮૯.૬૭ ટકા, ઓઝત-વિઅરમાં ૮૨.૫૬ ટકા તેમજ આજી-૪ ડેમમાં ૭૧.૭૯ ટકાનો જળસંગ્રહ નોંધાયો છે, તેમ જળ સંપત્તિ વિભાગની યાદીમાં વધુમાં જણાવ્યું છે.

# રાજકોટમાં ડેન્ગ્યુથી બેના મોત, છેલ્લા સપ્તાહમાં ડેન્ગ્યુના ૨૪ કેસ

**૧૫ વર્ષીય સગીર અને ૨૪ વર્ષીય યુવતીનું મોત થયું છે રાજકોટમાં છેલ્લા એક સપ્તાહમાં ડેન્ગ્યુના ૨૪ કેસ નોંધાયા છે**

રાજકોટ,તા.૧૫

રાજકોટમાં રોગચાળો અટકવાનું નામ લેતો નથી. ડેન્ગ્યુના લીધે બે લોકોના મોત થયા છે. ૧૫ વર્ષીય સગીર અને ૨૪ વર્ષીય યુવતીનું મોત થયું છે. રાજકોટમાં છેલ્લા એક સપ્તાહમાં ડેન્ગ્યુના ૨૪ કેસ નોંધાયા છે. શહેરમાં ચિકનગુનિયા અને ટાઈફોઈડના ત્રણ-ત્રણ કેસ નોંધાયા છે. આ ઉપરાંત મેલેરિયાના બે અને કોલેરાનો એક કેસ નોંધાયો છે. શહેરમાં તાવના ૬૭૩થી વધુ કેસ નોંધાયા છે. રાજકોટ મનપાનું તંત્ર રોગચાળો કાબૂમાં લેવામાં નિષ્ફળ ગયું છે. રોગચાળો વધતાં ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવી છે. ૩૫૦ ટીમ દ્વારા પોરાનાશક કામગીરી કરવામાં આવી છે. આ ઉપરાંત તાવના ૬૭૩થી વધુ કેસ નોંધાયા છે. જ્યારે ઝાડાઉલ્ટીના ૧૬૬ કેસ, શરદીઉધરસના ૧૦૦૦થી વધુ કેસ નોંધાયા છે.

રાજકોટ મહાનગરપાલિકાનું આરોગ્ય તંત્ર રોગચાળો કાબૂમાં લેવામાં નિષ્ફળ ગયું છે. મચ્છરજન્ય રોગચાળો વકરતા એક લાખથી વધુ ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવી છે. ૩૫૦ ટીમ દ્વારા પોરાનાશક કામગીરી કરવામાં આવી છે. રાજ્યમાં બેવડી ઋતુના પગલે અનેક વિસ્તારોમાં રોગચાળો વકર્યો છે. ત્યારે રાજકોટ શહેરમાં પણ ઋતુજન્ય રોગચાળો ફેલાયો છે. આ દરમિયાન વાયરલ ફિવર સહિત શરદી ઉધરસના કેસમાં સતત વધારો નોંધાઈ રહ્યો છો. આ ઉપરાંત પાણીજન્ય રોગચાળા અને મચ્છરજન્ય રોગચાળાનાં કેસમાં સતત વધી રહ્યાં છે. સામાન્ય તાવના ૬૩૧ ઉપરાંત કેસ નોંધાયા છે.

મિશ્ર ઋતુની અસરને કારણે વાયરલ અને મચ્છરજન્ય બીમારીના કેસમાં અચાનક વધારો થયો છે. તેમજ મચ્છરના ઉપદ્રવ સામે પાલિકાની કામગીરી ચાલી રહી છે, તે સિવાય મચ્છરજન્ય રોગચાળો અટકાવવા માટે પોરાનાશક અને ફોગીંગની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ લોકોને પણ સાવચેતી રાખી બહારનો ખોરાક ન લેવા અને મચ્છરનો ઉપદ્રવ રોકવાના પગલામાં સહકાર આપવા અપીલ કરવામાં આવી છે.

બંગભવન ખાતે હિન્દુ તહેવારની ઉજવણીના કાર્યક્રમમાં ભાગ લીધો

# દુર્ગા પૂજા ઉત્સવના સમાપન પછી ધાર્મિક એકતાનો બાંગ્લાદેશના પ્રમુખનો અનુરોધ

**રવિવારે દેશભરના જળાશયોમાં દેવી દુર્ગાની મૂર્તિઓના વિસર્જન સાથે દુર્ગા પૂજા ઉત્સવનું સમાપન થયું હતું**

ઢાકા, તા.૧૫

દુર્ગા પૂજા ઉત્સવો દરમિયાન કટ્ટરવાદી તત્વોના હુમલાના અહેવાલ વચ્ચે બાંગ્લાદેશના પ્રમુખ મોહમ્મદ શહાબુદ્દીને રવિવારે તમામ ધર્મોના લોકોને બાંગ્લાદેશને આગળ લઈ જવા માટે સાથે મળીને કામ કરવાનો અનુરોધ કર્યો હતો. જોકે દેવી દુર્ગાની મૂર્તિઓના વિસર્જન સાથે દુર્ગા પૂજાનો હિન્દુ તહેવાર સમાપ્ત થયા પછી તેમણે આ અપીલ કરી હતી. દેશને પ્રગતિના પંથે લઈ જવા માટે સામૂહિક પ્રયાસની જરૂરિયાત પર ભાર મૂકતા પ્રમુખે કહ્યું હતું કે ધાર્મિક મૂલ્યોનો ઉપયોગ રાષ્ટ્રના કલ્યાણ માટે થવો જોઈએ. દુર્ગા પૂજાની ઉજવણી નિમિત્તે બંગભવન ખાતે એક કાર્યક્રમ દરમિયાન શહાબુદ્દીને તમામ નાગરિકોને, જાતિ કે ધર્મને ધ્યાનમાં લીધા વિના, એક વિકસિત અને સમૃદ્ધ રાષ્ટ્રના નિર્માણ માટે એક થઈને કામ કરવા વિનંતી કરી હતી. તેમણે જણાવ્યું હતું કે આપણા બધા બાંગ્લાદેશી છીએ, એકબીજા સાથે જોડાયેલા છીએ. આપણા દેશમાં બહુમતી અથવા લઘુમતી ભેદભાવ માટે કોઈ સ્થાન નથી. તેમણે હિન્દુ સમુદાયના સભ્યોને શુભેચ્છાઓ પણ પાઠવી હતી. તેમણે જણાવ્યું હતું કે બદલાતા સંજોગોમાં બાંગ્લાદેશને એક વિકસિત, સમૃદ્ધ અને ભેદભાવ રહિત દેશ બનાવવા માટે સંપૂર્ણ સહનશીલતા, પરસ્પર વિશ્વાસ અને સહકારનો બીજો કોઈ વિકલ્પ નથી. બંગાળી પરંપરાઓ અને સંસ્કૃતિ દુર્ગા પૂજા સાથે જોડાયેલી છે. તે માત્ર એક ધાર્મિક તહેવાર નથી, પણ એક સામાજિક તહેવાર છે. તમામની સામૂહિક ભાગીદારીથી આ તહેવાર સાર્વત્રિક બન્યો છે. દરમિયાન રવિવારે દેશભરના જળાશયોમાં દેવી દુર્ગાની મૂર્તિઓના વિસર્જન સાથે દુર્ગા પૂજા ઉત્સવનું સમાપન થયું હતું. ઢાકામાં હજારો ભક્તો બુરીગંગા નદીના કિનારે એકઠા થયાં હતાં.

અહીં વિસર્જન માટે મંદિરો અને વિવિધ જગ્યાએથી શણગારેલી ટ્રકોમાં મૂર્તિઓ લાવવામાં આવી હતી.પોલીસે શોભાયાત્રા અને મૂર્તિ વિસર્જન માટે સુરક્ષાના વ્યાપક પગલાં લીધા હતાં. શોભાયાત્રાના રૂટ પર ત્રણ કંટ્રોલ રૂમની સ્થાપના કરાઈ હતી અને ત્રણ વોચટાવર સ્થાપિત કરાયાં હતાં. સુરક્ષા માટે ડોગ સ્કોડ, બોમ્બ ડિસ્પોઝલ ટીમ, ક્રાઈમ સીન ટીમ અને ટીમ તૈનાત કરાઈ હતી. પાંચ દિવસીય હિંદુ ધાર્મિક ઉત્સવની શરૂઆત બુધવારે દેવી દુર્ગાના આહ્વાન સાથે થઈ હતી.

# સાવરકુંડલામાં જોગીદાસબાપુ ખુમાણની પ્રતિમાનું અનાવરણ કરાયુ



સાવરકુંડલામાં આજનો સૂરજ ઐતિહાસિક ઉગ્યો. સંતસુરાની ધરતી તરીકે ઓળખાતી સાવરકુંડલાની ધરતીનું ફલક જોગીદાસબાપુ ખુમાણ સાથે જોડાયેલું છે. આજે, જોગીદાસબાપુ ખુમાણ નગર સેવાસદનનું નામકરણ કરવામાં આવ્યું સાથોસાથ વિવંદનીય સંત મોરારીબાપુના વરદહસ્તે જોગીદાસ બાપુ ખુમાણની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું. હજારો લોકોની ઉપસ્થિતિ વચ્ચે સંતો, મહંતો અને રાજકીય સામાજિક અગ્રણીઓ પણ આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બન્યા. આ તકે પૂ. મોરારીબાપુએ જોગીદાસબાપુ ખુમાણના જીવન અને કાર્યોને બિરદાવતાં તેમણે કહ્યું હતું કે જોગીદાસબાપુ ખુમાણ એક મહાન સંત તુલ્ય હતાં. તેમનું નામ હંમેશા સાવરકુંડલાના ઈતિહાસમાં સોનેરી અક્ષરેરેખાંકિત થતું રહેશે. આ પ્રસંગે નગર સેવા સદનનું નામ પણ જોગીદાસબાપુ ખુમાણને સમર્પિત કરતાં આ સદનને નવી ઓળખ પ્રાપ્ત થઈ છે. આજનો દિવસ સાવરકુંડલાના લોકો માટે ગૌરવનો દિવસ છે. જોગીદાસબાપુ ખુમાણની પ્રતિમાનું અનાવરણ એ સાવરકુંડલાના ઈતિહાસની એક અણમોલ ઘડી – એક નવો અધ્યાય ઉમેરવા સમાન છે. સાથોસાથ આજે આ ઐતિહાસિક ઘડીએ ભીખુદાનભાઈ ગઢવી (પદ્મ)નું વિશિષ્ટ સન્માન પણ કરવામાં આવેલ.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ નવો | ૧૨૨૬ | ૧૫૦૭ |
| ૨ | સોયાબીન | ૭૧૬ | ૭૧૬ |
| ૩ | અડદ | ૧૦૦૧ | ૧૦૦૧ |
| ૪ | બાજરો | ૫૨૬ | ૫૨૬ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૬૯૧ | ૯૧૨ |
| ૨ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૩૭૫ |
| ૩ | કપાસ | ૧૦૦૦ | ૧૫૭૬ |
| ૪ | બાજરો | ૪૬૦ | ૫૬૭ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૨૨ | ૬૫૩ |
| ૬ | જુવાર | ૪૬૦ | ૮૩૧ |
| ૭ | મકાઈ | ૫૫૧ | ૬૧૩ |
| ૮ | મગ | ૧૫૦૦ | ૧૫૫૧ |
| ૯ | અડદ | ૧૩૧૩ | ૧૫૬૦ |
| ૧૦ | ચણા | ૧૩૦૦ | ૧૩૫૦ |
| ૧૧ | જીરૂ | ૩૭૦૧ | ૪૬૦૦ |
| ૧૨ | સોયાબીન | ૭૫૦ | ૮૨૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૪૨ | ૧૧૮૦ |
| ૨ | શિંગ મોટી | ૭૧૭ | ૧૧૭૭ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૯૦૦ | ૧૨૫૦ |
| ૪ | તલ સફેદ | ૧૬૦૦ | ૨૫૪૦ |
| ૫ | તલ કાળા | ૨૨૫૦ | ૩૬૯૫ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૫૦૦ | ૩૨૮૧ |
| ૭ | બાજરો | ૪૦૦ | ૪૪૦ |
| ૮ | જુવાર | ૩૦૦ | ૬૯૯ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૬૫૨ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૪૫ | ૬૦૯ |
| ૧૧ | મકાઈ | ૪૦૦ | ૭૨૬ |
| ૧૨ | મગ | ૮૭૦ | ૧૪૦૦ |
| ૧૩ | અડદ | ૯૦૦ | ૧૫૭૫ |
| ૧૪ | ચણા | ૧૦૦૦ | ૧૪૯૦ |
| ૧૫ | ચોળી | ૯૨૦ | ૧૭૯૦ |
| ૧૬ | તુવેર | ૧૩૪૦ | ૧૭૧૦ |
| ૧૭ | કપાસ | ૮૦૦ | ૧૬૬૨ |
| ૧૮ | એરંડા | ૧૦૨૫ | ૧૨૫૨ |
| ૧૯ | જીરૂ | ૪૪૦૦ | ૪૫૭૦ |
| ૨૦ | ઈસબગુલ | ૨૧૨૫ | ૨૧૨૫ |
| ૨૧ | ધાણા | ૮૩૦ | ૧૩૪૮ |
| ૨૨ | અજમા | ૨૨૫૦ | ૨૨૫૦ |
| ૨૩ | મેથી | ૮૩૦ | ૧૧૦૦ |
| ૨૪ | સોયાબીન | ૬૫૫ | ૮૮૦ |

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી જિલ્લામાં ''ઈકોઝોન''ના**

કરીને નવા સૂચિત ઈકો ઝોન માટે જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ અંગે વન વિભાગના અધિકારીઓ દ્વારા એક પત્રકાર પરિષદમાં જણાવાયું કે, નવી જોગવાઈઓમાં અમરેલી જીલ્લામાં રેતીની લીઝ આપવા પર આવતી સમસ્યાઓ હટી જશે અને લીઝ આપી શકાશે જેથી મોટી સમસ્યા ઉકેલાઈ જશે. ઈકો ઝોન અત્યારે ૧૦ કિમિમાં ૨૦૧૬થી લાગુ છે તેના વિસ્તારમાં આવી સુચિત જોગવાઈઓમાં ઘટાડો કરવામાં આવ્યો છે.

બીજી તરફ ઈકો ઝોનના સૂચિત ૧૯૬ ગામોમાંથી અમુક ગામો એવા છે કે જે રેલવે જોડાણ ધરાવે છે. તેમાં બ્રોડગેજની મંજૂરી મળતી ન હોવાથી અમરેલી જીલ્લામાં સૌથી મોટી સમસ્યા છે અને આ રેલવે સુવિધા ધરાવતા ઈકો ઝોનના વિસ્તારમાં પણ ભવિષ્યમાં બ્રોડગેજ કેમ અને કેવી રીતે મળશે તે પણ એક મોટો પ્રશ્નાર્થ છે.

ધારી ગીર પૂર્વના નાયબ વન સંરક્ષક રાજદીપસિંહ ઝાલાએ જણાવ્યું કે, ૨૦૧૬માં કોર્ટના આદેશથી ઈકો ઝોન લાગુ થયો હતો. આ પછી તેમાં સુધારા કરવાનો ૨૦૧૭માં પ્રયાસ કરાયો પણ તેની સામે સ્ટે આવતા તે પ્રયાસ નિષ્ફળ નિવડયો. આ સ્ટે ૨૦૨૩માં હટી ગયા બાદ હાલની સુચિત જોગવાઈઓમાં અગાઉ કરતા વિસ્તાર અન નિયમોમાં ઘટાડો બ કરાયો છે. આમાં ઘણી છુટછાટો આપવામાં આવી રહી છે. આ સામે પણ વિરોધ કરીને તેને લાગુ કરવા દેવામાં નહીં આવે તો પછી ૨૦૧૬ની ઈકો ઝોનની જે વધારે કડક જોગવાઈઓ છે તે જ લાગુ રહેશે અને લોકોને જે રાહતો આપી છે તેનો લાભ લોકોને નહીં મળે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૨૭ | ૧૫૭૪ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૭૯૦ | ૧૧૬૨ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૬૦ | ૧૫૫૨ |
| ૨ | મગફળી | ૯૦૦ | ૯૭૦ |
| ૩ | ઘઉં | ૪૫૦ | ૪૭૦ |
| ૪ | ચણા | ૧૨૫૦ | ૧૩૪૦ |
| ૫ | અડદ | ૭૦૦ | ૧૪૨૬ |
| ૬ | સોયાબીન | ૬૫૧ | ૮૦૪ |
| ૭ | જીરૂ | ૪૧૪૧ | ૪૧૪૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૭૫૧ | ૧૧૩૨ |
| ૨ | શીંગ મોટી | ૬૫૧ | ૧૧૩૧ |
| ૩ | તલ સફેદ | ૨૦૨૦ | ૨૪૩૦ |
| ૪ | તલ કાળા | ૩૧૦૦ | ૩૪૧૧ |
| ૫ | જીરૂ | ૪૨૦૦ | ૪૬૬૦ |
| ૬ | કપાસ | ૧૩૬૫ | ૧૫૮૨ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૦ | ૬૦૩ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૬૧ |
| ૯ | બાજરો | ૪૪૮ | ૫૧૫ |
| ૧૦ | જુવાર | ૮૧૭ | – |
| ૧૧ | અડદ | ૯૧૦ | ૧૫૫૧ |
| ૧૨ | ચણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ૧૩ | સોયાબીન | ૭૨૫ | ૭૫૪ |

પાના ૮ ઉપરનું ચાલું **બાબરામાં હાઈવે ઉપર**

ગૌશાળામાંથી રેસ્કયુ ટિમને રવાના કરી રોડ પરથી ઈજાગ્રસ્ત વાછરડાને રેસ્કયુ કરી હરિઓમ ગૌશાળા ખાતે લાવવામાં આવી હતી અહીં સેવા ભાવિ લોકો તેમજ પશુચિકિત્સક દ્વારા ઈજાગ્રસ્ત વાછરડાને સારવાર કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ગજેન્દ્રભાઈ શેખવા સહિતના ઘણા બધા સેવાભાવી લોકો અહીં અપંગ નિસહાય તેમજ ઈજાગ્રસ્ત માલ ઢોર પશુઓને સેવા સારવાર કરી હરીઓમ ગૌશાળામાં રાખી માવજત કરે છે.

પાના ૧ ઉપરનું ચાલું **લાઠીના દુધાળા ખાતે**

સભા ખંડ બનાવવા સહીતના સ્થળોની મુલાકાત ઉચ્ચ અધિકારીઓને લઈ સમક્ષ કરી હતી.

૧૧ મી સપ્ટે. ૨૦૧૭ ના રોજ નરેન્દ્રભાઈ મોદી અમરેલી આવેલ ત્યારે સવજીભાઈ ધોળકીયા એ બનાવેલ હરિકૃષ્ણ સરોવરનું લોકાર્પણ કરેલ એમ મનોજ જોષીની અખબારી યાદીમાં જણાવેલ છે.

આ તકે ધોળકીયા હાઉન્ડેશનનાં નીતીનભાઈ સાવલીયા અને કનક પટેલ હાજર રહયા હતા.

## અવસાન નોંધ

**દામનગર :** શ્રીમાળી બ્રાહ્મણ ( દામનગર ) ભાવનગર વાળા હાલ દામનગર–રજનીકાંત દોલતરાય ત્રિવેદી ( ઘી વાળા ) (ઉ.વ.–૭૫) તે પિયુષભાઈ, હેતલબેન અમિતકુમાર જોષી, કોમલબેન કૃણાલકુમાર જોષીના પિતાશ્રી, સ્વ. ભારતીબેન (મુંબઈ), સ્વ. ગીતાબેન (શિહોર), મૃદુલાબેન, પીનાકિંભાઈ (મોરબી)નાં મોટાભાઈ, હરકાંતભાઈ દવે (રાજકોટ)નાં બનેવી, જિજ્ઞાસા પિયુષ ત્રિવેદીના સસરાનું તા. ૧૪/૧૦/૨૪નાં રોજ અવસાન થયેલ છે. સ્વ. નું બેસણું તેમના નિવાસ સ્થાન જેડી પાર્ક, ઢસા રોડ દામનગર તા. ૧૭/૧૦ને ગુરૂવારે સાંજના ૩ થી ૬ અને ભાવનગર મુકામે તેમના નિવાસ સ્થાને તા. ૧૮/૧૦ ને શુક્રવારે રાખેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૯૦ | ૧૬૧૫ |
| ૨ | કપાસ કોડી | ૯૫૦ | ૧૨૪૦ |
| ૩ | મગફળી નવી | ૮૮૮ | ૯૨૨ |
| ૪ | જીરૂ | ૩૯૯૦ | ૪૫૫૦ |
| ૫ | અડદ | ૧૩૨૦ | ૧૬૦૦ |
| ૬ | ઘઉં | ૪૬૯ | ૬૫૧ |
| ૭ | ચણા | ૧૨૯૦ | ૧૫૧૦ |
| ૯ | તલ સફેદ | ૨૦૨૫ | ૨૩૩૫ |
| ૧૦ | સોયાબીન | ૭૬૩ | ૮૧૭ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૬૦૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૫૫ | ૫૪૮ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૮૦ |
| ૪ | જુવાર | ૬૧૦ | ૬૧૦ |
| ૫ | ચણા | ૧૧૨૫ | ૧૨૯૦ |
| ૬ | એરંડી | ૯૩૫ | ૯૩૫ |
| ૭ | અડદ | ૯૫૫ | ૧૪૪૯ |
| ૮ | ધાણા | ૧૧૪૦ | ૧૨૫૫ |
| ૯ | સોયાબીન | ૭૯૭ | ૮૪૫ |
| ૧૦ | તલ કાળા | ૩૩૦૦ | ૩૩૦૦ |
| ૧૧ | મગફળી | ૭૮૦ | ૮૭૦ |
| ૧૨ | શીંગદાણા | ૧૦૦૧ | ૧૨૦૦ |
| ૧૩ | તલ સફેદ | ૨૨૦૧ | ૨૩૯૪ |

## ગોઢાવદરમાં જુગાર રમતાં ૭ પત્તાપ્રેમીઓ ઝડપાયા

અમરેલી, તા. ૧૫

લીલીયા તાલુકાનાં ગોઢાવદર ગામે રહેતા અરવિંદભાઈ પરશોતમભાઈ ગજેરા સહિત સાત ઈસમો તા. ૧૪નાં સાંજના ૬:૧૫ વાગ્યે લીલીયા–મતિરાળા ગામનાં માર્ગે આવેલ શાંતિભાઈ બાબુભાઈ ભાલાળાની વાડીના માર્ગે રસ્તામાં જાહેરમાં ગંજીપતાનાં પાના તથા પૈસાનો તીનપતીનો હારજીતનો જુગાર રમતા હોય. લીલીયા પોલીસને બાતમી મળતા દરોડો કરતાં રેઈડ દરમ્યાન રોકડા રૂા. ૩૭.૨૭૦ના મુદામાલ સાથે સાતેય ઈસમોને ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલી જિલ્લામાં શુધ્ધ ઘી**

કરવી હોય તો પણ સો વાર વિચાર કરવો પડે, ઘી, પનીર, માખણ કે દૂધનો માવો મેળવવા માટે પણ સંઘર્ષ કરવો પડી રહ્યો છે.

ઘણા વર્ષોથી મિલાવટખોરો, નફાખોરો કે સંગ્રહખોરો સામે કાર્યવાહી થતી નથી. કારણ કે ફૂડ, ડ્રગ્ઝ, તોલમાપ વિભાગમાં મોટાભાનાં કર્મચારીઓની જગ્યા ખાલી હોય છે અને ભ્રષ્ટાચારનાં કારણે પણ કોઈ તપાસ કરાતી નથી.

ભારત દેશ કે જયાં એક સમયે દૂધ, ઘીની નદીઓ વહેતી હતી તે દેશમાં શુધ્ધ કોઈ પણ ખાદ્ય સામગ્ર મળ તી નથી. અખાદ્ય સામગ્ર પેટમાં જતી હોવાનાં કારણે કુપોષણની સમસ્યા પણ દિનપ્રતિદિન વધી રહી છે છતાં આ ગંભીર પ્રશ્નને લઈને ઉદાસીન જોવા મળી રહી છે. દેશને વિશ્વગુરૂ બનાવવો હોય તો દેશવાસીઓનું આરોગ્ય તંદુરસ્ત બનાવવું પડશે.

## જાહેર નોટિસ

**// એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી //**

અપીલ અરજી નં.૨૬/૨૦૨૪

**અરજદાર :** શ્રી મરીયમબેન મકબુલમીયા કાદરી,
રહે. રાજમહેલ કમ્પાઉન્ડની સામે, રાજભવન,
તા.જી.અમરેલી

**// વિરૂઘ્ધ //**

**સામાવાળા :** જન્મ–મરણ નોંધણી અધિકારીશ્રી, –વ– ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરીશ્રી, મુ. અમરેલી, તા.જી. અમરેલી.

**// જાહેર નોટિસ //**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાનાં અમરેલી શહેરમાં મરીયમબેન મકબુલમીયા કાદરીએ તેમના પતિશ્રી કાદરી મકબુલમીયા અલીમીયાનો મરણ (તા.૧૪/૦૨/૨૦૧૫)ના રોજ થયેલ હોવાની નોંધ કરવાવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામનાં સામાવાળાનાં જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમનાં મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું, અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ..../...../૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી શહેર**

## જાહેર નોટિસ

**// મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ વડીયાની કોર્ટમાં //**

**અરજદાર :** શ્રી મગનભાઈ ગોવિંદભાઈ કથીરીયા, નં.મરણ નોંધણી/અરજી નં.૨૯/૨૦૨૪
રે.કુંકાવાવ મોટી, તા.વડીયા,જિ. અમરેલી

**એડવોકટ – યોગેશ ડી. દવે, મો.૯૪૨૬૩ ૯૮૯૬૦**

**// વિરૂઘ્ધ //**

**સામાવાળા :** ૧. તલાટી કમ મંત્રીશ્રી, કુંકાવાવ મોટી, તા.વડીયા

**જન્મ–મરણ નોંધણી અધિનિયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, **અરજદારશ્રીના માતૃશ્રી સ્વ. અંબાબેન ગોવિંદભાઈ કથીરીયાનાઓનું મરણ તા.૧૭/૦૩/૧૯૯૯ ના રોજ મુ. કુંકાવાવ મોટી, તા. વડીયા, જી. અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦ માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા** ખાતે જરૂરી આધારા – પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૧૦/૧૦/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કો કરી આપ્યા.

**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ**
**વડીયા**

# રાજુલા–જાફરાબાદના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસ પદયાત્રા યોજાઈ



અમરેલી જિલ્લાનામ રાજુલા તાલુકામાં ગુજરાતની વિકાસ યાત્રાને અવિરત શરૂ છે. રાજુલા – જાફરાબાદ પ્રાંત અધિકારીના અધ્યક્ષ સ્થાને વિકાસ પદયાત્રા યોજાઈ હતી. શહીદ ચોક થી આંબેડકર સર્કલ સુધી યોજાયેલ આ પદયાત્રામાં પદાધિકારીઓ, અધિકારીઓ, કર્મચારીઓ સહિતના જોડાયા હતા. જાફરાબાદ તાલુકાના ચિત્રાસર ગામે યોજાયેલ પદયાત્રા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, ગ્રામજનો, પદાધિકારીઓ, અધિકારીઓ, કર્મચારીઓ સહિતના જોડાઈને સ્વચ્છ ભારત અભિયાન, એક પેડ મા કે નામ, વિકાસ ભારત સપ્તાહ, સેવા સેતુ સહિતના અભિયાનો વિશે જન જાગૃત્તિ આવે તેવા પ્રયાસો કર્યા હતા.

# અમરેલી જિલ્લા સહિત રાજયમાં જનહિતમાં ઉમદા કામગીરી કરવા બદલ

# ચમારડીમાં પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલની પ્રતિમાનું થશે અનાવરણ

**રાજયનાં ખેડૂતો, શ્રમિકો, વેપારીઓ, યુવાનો અને મહિલા સહિત સૌ કોઈ માટે અનેક યોજનાઓ કાર્યરત કરી**

**નપાણીયા જિલ્લા તરીકે ખોળખાતા અમરેલી જિલ્લામાં નર્મદાનાં પાણી પહોંચાડવા માટે ભગીરથ પ્રયાસ કરેલ**

**વેપારીઓને જકાતની સમસ્યામાંથી છુટકારો અપાવીને શ્રેષ્ઠ કામગીરી કરી બતાવી**

**ખેડૂત પુત્ર ગોપાલભાઈ વસ્તરપરા ચમારડી ખાતે કેશુભાઈ પટેલની પ્રતિમા લગાવવાનું સ્વપ્ન પુરૂ કરશે**

અમરેલી, તા. ૧૫

ગુજરાતમાં આજે ભાજપ જે સ્થિતિમાં છે અથવા તો દેશમાં જે હિન્દુત્વ ચાલી રહ્યું છે તેના પાયામાં આ ગામઠી પટેલના દિકરાનુ યોગદાન અને લોહી પસીનો રહ્યો છે.

જયોતીગ્રામ યોજના, ગોકુલગામ યોજના, ખેડુતો, દલિતો અને વંચિતો માટે આ માણસે જીવ રેડી દીધો છે. કેશુભાઈએ એક આખી નીરાશ પેઢીને નીરાશાની ગર્તામાંથી બહાર કાઢી વિકાસના માર્ગ પર ચાલતા કરી દીધા. ભોળા સ્વભાવના આ ખેડુત આગેવાનના દિલમાં તમામ જ્ઞાતી, તમામ લોકો માટે અનુકંપા હતી. રાજનીતીના આટાપાટામાં પડયા વગર દેશ ગુજરાતનુ ભલુ થાય તે માટે આખી જીંદગી ખર્ચી નાખી. સલામ છે આ નરબંકાને.

સરદાર જયંતીના દિવસે સમગ્ર દેશમાં અને ગુજરાતમાં પ્રથમ વખત એક અદ્ભુત ઘટના બની રહી છે, ગુજરાતના ગામડે ગામડે નર્મદાનુ જળ પહોંચાડનાર આપણાં સૌના આદરણિય કેશુબાપાની મુર્તીને અમરેલી જીલ્લાના ૫૯૫ ગામના લોકો મુર્તી પર નર્મદાના નીરનો જળાભીષેક કરવા આવશે. આ ઉપરાંત જેમના કારણે દેશને પ્રજાસત્તાક સાંપડયુ એવા ડો. બાબાસાહેબ આંબેડકર, લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલ, દેશને સૌ પ્રથમ પોતાનુ રાજ અર્પણ કરનાર શ્રીકૃષ્ણકુમાર સિંહજી, વિર માંધાતા, વિર ભગતસિંહ, ગાંધીજી વગેરેની મુર્તીઓ પર પણ જળાભિષેક કરે તેમને વિરાંજલી અર્પણ કરવામાં આવશે.

### વન અધિકારીએ પત્રકાર પરિષદ સંબોધી

## અમરેલી જિલ્લામાં ‘‘ઈકોઝોન’’ના નવા નિયમોથી રેતીની લીઝ મળવી શરૂ થશે

**નવા નિયમોથી બ્રોડગેઝ મળે તેવી પણ સંભાવના છે**

અમરેલી, તા. ૧૫

અમરેલી જીલ્લામાં ૨૦૧૬થી ઈકો ઝોન અમલમાં છે તેમાં હાલના નોટીફીકેશન મુજબ નવા સુચિત ફેરફારોમાં નિયમો હળવા થતા તેની અમલવારી બાદ અમરેલી જીલ્લામાં રેતીની લીઝ આપવા માટે નિયંત્રણો હળવા થત લીઝ આપવામાં આવે તેવી શકયતા છે. આથી જીલ્લાની સૌથી મોટી સમસ્યા ઉકેલાશે. બીજી તરફ ઈકો ઝોનના સુચિત ૧૯૬ ગામોમાં અમુક ગામોમાં રેલવે સાથે જોડાયેલા છે તેમાં બ્રોડગેજ સેવા મળવા મોટો પ્રશ્નાર્થ લાગી જાય તેમ છે.

અમરેલી સહિતના જીલ્લામાં ૨૦૧૬થી ઈકો ઝોન લાગુ કરવામાં આવ્યો હતો અને ત્યારથી જીલ્લાના વિકાસ સામે મોટો પ્રશ્નાર્થ ઊભો થયો છે અને જીલ્લામાં ૨૦૧૬થી રેતીની એકપણ લીઝ ન હોવાના કારણે રેતી ચોરીનું પ્રમાણ માઝા મુકી રહ્યું છે અને કાળા બજારોમાં રેતી લેવાથી ગરીબ કે મધ્યમ વર્ગના લોકો પોતાના ઘરનું ઘર પણ બનાવી શકતા નથી. ઈકો ઝોનમાં ફેરફાર કરવા માટે અગાઉ પ્રયાસ થયો હતો તેની સામે સ્ટે આવ્યા બાદ તે નિષ્ફળ ગયો હતો. ૨૦૨૩માં તે સ્ટે હટી ગ્યો હતો. આ પછી ફરી એક વખત નિયમોમાં ફેરફાર

**અનુસંધાન પાના ૬ ઉપર**

### ઉનાનાં ખડા ગામેથી પથ્થર ભરાયા

## ખાંભાનાં કંટાળા ગામેથી રોયલ્ટી વગરનાં પથ્થર ભરેલ 3 ટ્રકટરને ઝડપી લેવાયા

**સ્થાનિક મામલતદારે ૧૦.૯૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો**

અમરેલી, તા. ૧૫

ઉના તાલુકાના ખડા ગામેથી પથ્થર (બેલા) રોયલ્ટી વગર ટ્રેકટરમાં ભરી વેચાણ અર્થે લઈ જવામાં આવતા હતા. મામલતદારની ટીમ દ્વારા આ ટ્રેકટરની પૂછપરછ કરતા ટ્રેકટર ચાલક



પાસે રોયલ્ટી ન હોવાથી ખાંભા મામલતદાર એ.પી. અંટાળા તેમજ સર્કલ ઓફિસર જયદેવ ગઢવીની ટીમ ત્રણ ટ્રેકટર સહિતનો કુલ ૧૦.૮૦લાખનો મુદ્દામાલ ઝડપી પાડયો હતો અને ખાંભા મામલતદાર દ્વારા ત્રણ ટ્રેકટર સીઝ કરી કાર્યવાહી કરવામાં આવી હતી. ખાંભા મામલતદાર દ્વારા ધોરણસરની કાર્યવાહી કરવા ખાણ ખનીજ અમરેલીને જાણ કરવામાં આવી.

### રખડતા પશુઓની સમસ્યામાં સતત વધારો

## બાબરામાં હાઈવે ઉપર એસ.ટી. બસનાં ચાલકે હડફેટે વાછરડાને ગંભીર ઈજા

**જીવદયાપ્રેમીઓ વાછરડાને સારવારમાં લઈ ગયા**



બાબરા, તા. ૧૫

બાબરામાં રાજકોટ ભાવનગર રોડ પર મૂંગા પશુઓનો ભારે અડીગો રહે છે જેના કારણે નાના મોટા અકસ્માત છાશવારે સર્જાય રહ્યા છે નગરપાલિકા દ્વારા ઢોરને પકડવા અને જાહેર રસ્તાઓ કે માર્ગમાંથી હટાવવામાં માટે આજદિન સુધી કોઈ પ્લાનિંગ કરવામાં આવ્યું નથી જેના કારણે અકસ્માતમાં લોકો તેમજ મૂંગા પશુઓ ભોગ બની રહ્યા છે.

ગત મોડી રાતે અહીં રાજકોટ ભાવનગર રોડ પર એક એસ ટી બસના ચાલકે રોડ પર બેઠા મુંગા પશુઓને હડફેટે લેતા તેમાં એક વાછરડાના પગ પર એસ ટી બસનું ટાયર ફરી વળતા પશુઓ રોડ પર આમતેમ ભાગવા લાગ્યા રોડના કાંઠે દુકાને ઉભેલા લોકો પણ રોડ પર આવી ઈજાગ્રસ્ત વાછરડાને સામાન્ય સારવાર આપી રોડની એક બાજુ મૂકી બાબરાના સ્થાનિક જીવદયા પરિવારના ગજેન્દ્રભાઈ શેખવા તેમજ મૌલિકભાઈ તેરૈયાને કરવામાં આવી હતી.

ગજેન્દ્ર શેખવા દ્વારા તાત્કાલિક અસરથી હરિઓમ

**અનુસંધાન પાના ૬ ઉપર**















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)